
SHREE SWAMINARAYAN

# श्री स्वामिनारायण

Rs. 5/-

March '07



## ફુલદોલોત્સવ

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



નાપાવાડા મંદિરમાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની પુનઃપ્રાણ
તિષ્ઠા કરતા પૂ.મહારાજશ્રી તથા ઠાકોરજીને અન્નકૂટ દર્શન






વરસોડા ગામે મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે યજ્ઞમાં શ્રીફળ
હોમતા પ.પૂ.મહારાજશ્રી, સાથે લાભ લેતા યજમાનશ્રી





કાંકરિયા મંદિરમાં પાટોત્સવની આરતી
ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

કાંકરિયા મંદિરમાં પાટોત્સવ અને ચોર્યાસી પ્રસંગે
પ્રસાદ લેતા ભાવિકો




ધોળકા મંદિર સુવર્ણ જયંતી મહોત્સવમાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

# SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૯ માર્ચ - ૨૦૦૭



**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

**લવાજમ**
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

**પ્રકાશન સમય**
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

**પત્રવ્યવહાર અને લવાજમ**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**એડ્રેસમાં ફેરફાર કરવા**
E-mail : manishnvora@yahoo.co.in

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | અસ્મદીયમ્ | ૨ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. | શ્રીહરિનો પ્રસાદીનો પત્ર | ૫ |
| ૪. | શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો - અમદાવાદ મંદિર | ૬ |
| ૫. | સત્સંગમાં જિજ્ઞાસુ ઘણા હોય છે | ૮ |
| ૬. | બહુ મોટા સાધુ | ૯ |
| ૭. | આત્મચિંતન અવતારના અવતારીનું | ૧૩ |
| ૮. | સત્સંગ સુરભિ : મોટી ઓથ મહારાજની | ૧૪ |
| ૯. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| | (૧) ઉદ્યમ કરો, ફળ ભગવાન આપશે | |
| | (૨) સંપત્તિનો સદ્ ઉપયોગ કરવો | |
| ૧૦. | ભક્તિસુધા | ૧૮ |
| | (૧) જતુબાઈની જીવન-અભિલાષા | |
| | (૨) બાઈનો સંકલ્પ સિદ્ધ કર્યો | |
| | (૩) વખતબાની શૂરવીરતા | |
| | (૪) શ્રીજી મહારાજની કૃપા | |
| | (૫) રૂડા લાગો છો રાજેન્દ્ર | |
| ૧૧. | પ્રશ્નપેટી | ૨૨ |
| ૧૨. | સત્સંગ સમાચાર દેશ-વિદેશના | ૨૩ |

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
**Visit us : www.swaminarayan.info**
**E-mail : sntemple@hotmail.com**
**www.swaminarayanmuseum.com / org**

# અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

મનુષ્ય દેહ આ જીવને કૃપા કરીને પરમેશ્વરે આપ્યો છે. તે ભગવાનની ભક્તિ કરીને આત્મશ્રેય મેળવી લેવા માટે આપ્યો છે. પણ આ અજ્ઞાનમાં અટવાતો જીવ મોક્ષ મેળવવાને બદલે જગતના નાશવંત પદાર્થોની પાછળ મનુષ્ય દેહને બરબાદ કરી નાખે છે. અને અંતે ચોર્યાસીના ફેરામાં ભટક્યા કરે છે. સત્સંગ અને થોડી ભગવતકૃપા આ જીવને મળતા તે ભક્તિમાં જોડાય છે. પરંતુ મોહવશ એ ભક્તિનું ફળ ધન, સંપત્તિ, પુત્ર, કલત્ર, યશ, કીર્તિ અને નામના મેળવવા માટે ખર્ચી નાખે છે. ભક્તિના પ્રતાપે કંઈક થોડું જ્ઞાન કે સામર્થ્ય આવ્યું એટલે જગતમાં છાકટો થઈને ફરવા માંડે અને કચ્છના કાળા તળાવના રવજી ભક્તની જેમ મનાવા પૂજાવા અને પોતાનો જયજયકાર કરાવવામાં રચ્યો પચ્યો થઈ જાય એટલે ભગવાનને પણ ભૂલી જાય છે. જ્યાં સુધી શક્તિ કે સામર્થ્ય ન હોય ત્યાં સુધી દાસનો દાસ અને જ્ઞાન, વૈરાગ્ય અને ત્યાગનો મોટો ફુંફાડો જગતને દેખાડે. જાણે કે ત્યાગ અને વૈરાગ્યનો પોતે જ ઈજારો ન રાખ્યો હોય એવા કેટલાક ભગવાધારીને ભગવાન થઈ જવાનો અભરખો ઉપડી જાય છે. પ્રથમતો એવો વૈરાગ્યનો દંભ અને ડોળ કરે કે પોતે ભગવાનની કથા વાર્તા કરવી હોય તો માઈકનો અવાજ પણ સ્ત્રીઓ ન સાંભળી જાય તેની તકેદારી રાખે. કારણ કે તેમાં આજ્ઞા ભંગ થાય છે તેવું જગતને ભરમાવે, પણ જ્યાં થોડા લોકો માનવા માંડ્યા એટલે મોટા મોટા થિયેટર જેવા ભવનો બાંધવા માટે ધન સ્ત્રીનો ત્યાગ કરવાવાળા ધન સંપત્તિ મેળવી લેવા માટે અનેક જાતના અધર્મ અને ષડયંત્રો રચવાનું ચાલુ કરી દેવાય છે. પછી તો પૂજાવા માટે બધાજ પ્રકારની આજ્ઞાઓને છેદ આપીને કેવલ સ્ત્રીઓ હોય તો જ ભગવત્‌વાર્તામાં આનંદ આવે અને પોતાના જ કહેલા વૈખરી વાણીના ભજનો પદો ગાઈને ભગવદ રંજનને બદલે જગત રંજનના રવાડે ચડી જાય છે. ધન સ્ત્રીના ત્યાગની વાત કરનાર દેશ વિદેશમાંથી કરોડો રૂપિયા સરકારને અને ભક્તોને છેતરીને કાળુ નાણું એકઠું કરીને બેસી જાય છે. પછી પૈસાના જોરે પ્રચાર કરીને ભગવાનની જેમ પૂજાવા માંડે અને આરતીઓ અભિષેક અને વરઘોડાઓ અને સામૈયા કરાવે છે અને તેનો પ્રસાદ વિશ્વાસુ અને ભોળા ભક્તોને ભરમાવીને વહેંચે અને કહેવડાવે આમાં જ કલ્યાણ છે. આવા અધોગતિના માર્ગથી મોક્ષને ઈચ્છતા ભક્તોએ સાવધાની પૂર્વક ચેતવાની જરૂર છે.

**તંત્રી**
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)ના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



## (ફેબ્રુઆરી - ૨૦૦૭)

૧. વરસોડા (તા. માણસા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૩. રિદ્રોલ (તા. માણસા) શ્રી સ્વામિનારાયણમંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. મહેન્દ્રભાઈ મગનલાલ દવેને ત્યાં પધરામણી, સેટેલાઈટ.
ધર્મવંશી પરિવારના સેવક લક્ષ્મણભાઈ જીવાભાઈ ચાવડાના ત્યાં લગ્ન પ્રસંગે ઠાકોરજીની આરતી-આશીર્વાદ આપવા પધાર્યા. સ્વામિનારાયણ બાગ, (સ્ટાફ ક્વાટર્સ) મેમનગર.

૪. શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત 'શોભાયાત્રા'માં પધાર્યા.

૫. મોરબી (સનાળા રોડ) શિખર બધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૬. મોડાસા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ અને પધરામણીઓ.
લુણાવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર યજ્ઞ પ્રસંગે પધરામણી.
પ.ભ. વિનોચંદ્ર ચિમનલાલ સોનીને ત્યાં પધરામણી, સેટેલાઈટ.

૭. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૮. પ.ભ. વિષ્ણુભાઈ જોઈતાભાઈ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.
પ.ભ. શંકરસિંહ કાળુસિંહ રાણાને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, નવા ધરમપુર.
પ.ભ. કાંતિભાઈ આંગડીયાને ત્યાં પધરામણી, શાહીબાગ.

૯. પ.ભ. પરસોતમદાસ કાળીદાસ પટેલને ત્યાં પધરામણી, લવારપુર.
પ.ભ. જયંતીભાઈ જીવણભાઈ ઠક્કરને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ઈસનપુર.
પ.ભ. દશરથભાઈ સેંધીદાસ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.

૧૦. આધોઈ (કચ્છ) પધરામણી.

૧૧. પ.ભ. અરવિંદભાઈ મગનલાલ પટેલને ત્યાં (ડાંગરવાવાળા) પધરામણી, એસ.જી. હાઈવે.

૧૪. પ.ભ. કમલેશભાઈ ભીખાભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, નવરંગપુરા.

૧૬. પ.ભ. દુષ્યંત વી. ઠક્કરને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા સત્સંગ સભા અને ગાંધીવાડા મંદિર કળશ સ્થાપન પ્રસંગે પધરામણી.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર કલ્યાણપુરા (માણસા) પારાયણ પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક શાકોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. નરેશભાઈ કાંતિલાલ ઠક્કરને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, નારણપુરા.

૧૯. ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીના પાટોત્સવ-અભિષેક પ્રસંગે પધરામણી.

૨૦. સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ-મહાભિષેક પોતાના વરદ્ હસ્તે વેદ વિધિસર સંપન્ન થયો.

૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા. પ.ભ. સુરેન્દ્રભાઈ પટેલ (વિશાલાવાળા)ના યજમાન પદે પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ અને સુવર્ણથી મઢેલ સિંહાસનનું ઉદ્ઘાટન પોતાના વરદ્ હસ્તે કર્યું.

૨૨. કાંકરિયા રામબાગ શ્રી સ્વામિનારાયણ મંદિર ઠાકોરજી અને બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવનો પાટોત્સવ - અભિષેક અને ચોર્યાસી પ્રસંગે પધરામણી. સાંજે ખાણ (રાજ.) ગામે પધરામણી.

૨૩. ખાણ (રાજ.) ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.

૨૪-૨૫. ભુજ (કચ્છ) પધરામણી.

૨૬. ઘાટલોડિયા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૮. નારણપુરા ડી.કે. પટેલ હોલમાં પી.પી. સ્વામીની કથા-પારાયણ પ્રસંગે પધરામણી.


શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી જે નિયમાનુસાર દર વરસે ફેબ્રુઆરી માસની છેલ્લી તારીખ પછી પ્રગટ થનાર પ્રથમ અંકમાં જાહેર કરવાની રહે છે.

**FROM-IV (SEE RULE : 8)**

| | | | |
|---|---|---|---|
| ૧. | **પ્રકાશન સ્થળ** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | **પ્રકાશન સમય** | : | માસિક દર મહિને |
| ૩. | **મુદ્રકનું નામ** | : | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | **તંત્રીનું નામ** | : | સ.ગુ. મહંત શા.સ્વામી નિર્ગુણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | **માલિક** | : | **શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ.** |
| | **(સંસ્થાપક)** | | **આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું શા. સ્વામી નિર્ગુણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : શા.સ્વામી નિર્ગુણદાસજી, મહંત સ્વામી**
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
(પ્રકાશકની સહી)

# શ્રી હરિનો પ્રસાદીનો પત્ર




લિખાવિંત સ્વામી શ્રી ૧ સહજાનંદ સ્વામી મહારાજ જત સત્સંગિ બાઈ ભાઈ સમસ્ત નારાયણ વાંચજો બીજું લખવાં કારણ એમ છે જે અયોધ્યાપ્રસાદ તથા રઘુવીર એ બેને તમારા સર્વેના તથા પરમહંસ સર્વેના ગુરુ કર્યા છે તેમની આજ્ઞામાં તમારે સર્વેને રહેવું ને પોતપોતાની સામરથી પ્રમાણે અન્ન વસ્ત્ર કરીને એમની ચાકરી કરવી અને પોતાને આપત્કાલ પડ્યો હોય તો પણ એમનું કરજ કાઢવું નહિ તથા એમના મંદિરમાંથી કરજ સાંઢવું નહિ તથા વસ્ત્રા અલંકાર તથા ત્રાંબા પિત્લના વાસણ તથા બલદ ઘોડા ગાડા ગાડી એ આદિ જે જે વસ્તુ તે અયોધ્યાવાસિના હોય તથા ઠાકરજીનાં હોય તે પોતાના ઘરકામ સારુ તથા કોઈકને સારુ માગીને ક્યારેય લેઈ જાવા નહિ કેમ જે ઠાકરજીના જે પદાર્થ તથા પોતાના ગુરુના જે પદાર્થ તે તો પુજવા જોગ્ય છે પણ તે પોતાના કામમાં વાપરવા જોગ્ય નથી અને જો વાપરે તો તેનો મોટો દોષ લાગે. બીજું પોતાને ઘેર વિવાહ આદિક મંગલ પર્વ હોય તેની કંકોતરી અમારી ઉપર તથા અયોધ્યાવાસિ ઉપર તથા મંદિરના અધિકારી ઉપર લખવી નહિ તથા પોતાને ઘેર મરણ હોય તેની કાળોતરી પણ લખવી નહિ બીજું આ જે સર્વે વાત લખી છે તે વ્યવહાર માર્ગની છે તે જો ઠાકરજી સાથે તથા પોતાના ગુરુ સાથે કરે તો લીધા દીધામાં એમની સાથે વાદવિવાદ જરૂર થાય તારે એમનો અવગુણ આવે પછે તે પાપે કરીને પરલોકમાં એનુ અતિશે ભુંડુ થાય અને હમણે આ લોકમાં એની અપકિર્તી થાય ને માણસમાં લાજ જાય બીજું સત્સંગિને અમારે દર્શને આવવું હોય તથા ઠાકરજીને દર્શને તથા આચાર્ય દર્શને તથા સાધુને દર્શને આવવું હોય તારે માર્ગમાં સત્સંગીને ઘેર જમ્યાની તાણ્ય કરે તો પણ જમવું નહિ ને પોતાની ગાંઠનુંજ ખાવું બીજું જે સત્સંગીને તથા પરમહંસને ઓલખતા ન હોઈએ તેને પોતાને ઘેર ઉતરવા દેવો નહિ ને તેનો વિશ્વાસ કરવો નહિ ને અમારે નામે તથા પરમહંસને નામે તથા આચાર્ય ન નામે કાંઈક પદાર્થ માંગે તો દેવું નહિ તથા તેને ઓલખતા ન હોઈએ ને તેઓ અમારી મોરછાપનો કાગલ લાવીને કાંઈક માંગે તો પણ તેનો વિશ્વાસ કરવો નહિ. ને કાંઈએ દેવું નહિ અને જેને ઓલખતા હોઈએ તેની પાસે પણ આજદિને મોરનો જે અમારા મોર છાપનો કાગલ હોય તે ખોટા છે અને અમો આજદિનથી જે મોર છાપનો કાગલ લખશું તેમાં દિવસની અવધિ લખશું તે અવધિ પ્રમાણેજ માનવો પણ તે ઉપરાંત માનવો નહિ. બીજું આ કાગલ મા જે જે વાર્તા લખી છે તેમાં બે ફેર પડશે તે અમારો સત્સંગી નથી ને તે વચનદ્રોહિ ગુરુદ્રોહિ છે. બીજું આ વાતની સર્વે સત્સંગીને પરસ્પર ખબર કરાવજો એ ભલામણ સર્વે સાધુને તથા સર્વે સત્સંગીને છે. સંવત ૧૮૮૫ નો માહા વદ-૧૨ લખિતં શુકમુનીની નારાયણ વાંચજો

॥ ॥ શ્રીઃ ॥ ॥


બીજું જે સત્સંગીને બ્રાહ્મણ પાસે કથા વંચાવવી હોય તો તે બ્રાહ્મણ પાસે કથા વંચાવ્યાની ભલામણનો અમારી મોર છાપનો કાગલ હોય તે પાસે કથા વંચાવવી પણ બીજા પાસે વંચાવવી નહિ.

આ શ્રીહરિનો લખાવેલ પ્રસાદીનો પત્ર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સંગ્રહમાંથી પ્રાપ્ત થયો છે. આ પત્ર સન ૧૯૪૧ માં દિવાની કોર્ટમાં ફસ્ટ અપીલ નંબર ૬૨/૧૯ માં એકઝીબિટ નંબર ૬૨૦ તરીકે રજુ કરાયેલ છે.

# શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો

# અમદાવાદ મંદિર

- ગોરધનભાઈ સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



મંદિરના પૂર્વ ઈતિહાસ તરફ ટૂંકમાં જઈએ તો પેશ્વા સરકારના તે વખતના સુબાએ શ્રીહરિના કરેલા દ્રોહના ફળ સ્વરૂપે અમદાવાદમાંથી પેશ્વાઈ સત્તા અસ્ત પામી, અને અંગ્રેજોનું રાજ્ય સ્થપાયું. અમદાવાદમાં તે વખતે કલેકટર તરીકે સર એન્ડ્રયુ ડનલોપ હતા. એ ભારે બુદ્ધિશાળી હતા. ભારતીય ભાષાનું થોડું ઘણું જ્ઞાન હતું. છતાં પણ દુભાષીઆ તરીકે મોતીરાવ નામના એક માણસને પોતાની પાસે રાખ્યો હતો.

એ વખતે સહજાનંદ સ્વામીના એક અગ્રગણ્ય સંત મુક્તાનંદસ્વામીની આગેવાની હેઠળ કેટલાક સંતો અમદાવાદમાં દરિયાવખાનના ઘૂંમટમાં રહી સંસ્કૃત ભણતા અને ભજન કરતાં. બપોરે શહેરના જુદાજુદા વિસ્તારોમાંથી ભિક્ષા માગીને પસાર થતા હતા. તેવામાં પેલા અંગ્રેજ કલેકટરની દ્રષ્ટિ સ્વામી તથા તેમની સાથેના સંત વૃન્દ ઉપર પડી. કલેકટરને આશ્ચર્ય થયું કે આવો સૌમ્ય વેશ ધારનાર આ પુરુષો કોણ હશે ! માણસ મોકલી સ્વામીને બોલાવ્યા અને શું પ્રવૃત્તિ કરો છો ! ક્યાં રહો છો ! તમારા આગેવાન (ગુરુ) કોણ છે ! આવા ભગવા કપડાં પહેરવાનો હેતુ શો ! આવા કેટલાક પ્રશ્નો પૂછ્યા. સ્વામીએ હિન્દીમાં સુંદર જવાબો આપ્યા. સ્વામીના જવાબો સાંભળીને તેમજ દર્શનથી સાહેબના હૃદયમાં શાંતિ થઈ અને સાત્વિક ભાવના જાગૃત થઈ. સ્વામીએ શ્રીહરિના સર્વજીવ હિતાવહ સમાજના ઉદ્ધારના વિશાળ કાર્યનો ખ્યાલ આપ્યો. તેથી કલેકટર પ્રભાવિત થયા અને તેમના દર્શન માટે ઈચ્છા દર્શાવી. ત્યાર પછી શહેરના આગેવાન હરિભક્તોના પરિચયમાં આવીને પ્રભુને અમદાવાદ પધારવાનો પત્ર સાહેબે લખાવ્યો. પત્ર મળ્યા પછી થોડા દિવસોમાં શ્રીહરિ અમદાવાદ આવવા ગઢડાથી નિકળ્યા. જેતલપુર એક રાત્રી રોકાઈ ચાલ્યા. માર્ગમાં આવતાં ચંડોળા તળાવે વિશ્રાન્તિ લીધી.

અમદાવાદમાં પહેલેથી ખબર આવી ગઈ હતી. સ્વાગત માટે આખા શહેરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. દુર્જનોના પેટમાં ઈર્ષા, દ્વેષની હોળી સળગવા લાગી હતી. સાહેબની સાથે રહેતા મોતીરાવ પણ એમાંનો એક હતો. એને થયું કે સ્વામિનારાયણ શહેરમાં આવશે, સાહેબ સન્માન કરશે ને આખા શહેરમાં એમનો જય જયકાર થઈ જશે. બને ત્યાં સુધી એ શહેરમાં ન આવે તેવા પ્રયત્નો કરું. પછી તેણે સાહેબના કાન ભંભેર્યા કે સ્વામિનારાયણ તો ધર્મના બહાને મોટું લશ્કર એકઠું કરે છે. એમને રાજા થવાના કોડ છે, એ કારણથી પ્રજાને એકઠી કરી ઉશ્કેરે છે. એટલા માટે તો પેશ્વાએ અહીં આવવા મના ફરમાવી

હતી. આપ તો અહીંની પ્રજાથી અપરિચિત છો. સ્વામિનારાયણના કાવતરામાં પ્રજા ભોળવાઈ જઈ આપના ઉપર હલ્લો કરી બેસે તો આપ શું કરી શકો ! માટે પહેલેથી વિચાર કરો શહેર બહાર જઈ તેમને મળી બારોબાર વિદાય કરો. મારી વાત ખોટી નથી. આપ જોઈ ખાતરી કરો કે એમની પાસે કાઠીયાવાડના કાઠીની હથિયારબંધ ટોળકી છે કે નહિ !

મોતીરાવની વાત સાંભળી સાહેબને મનમાં ભ્રાન્તિ થઈને તરત જ નિર્ણય લીધો કે શહેરમાં આવે તે પહેલાં મારે મુલાકાત લેવી. પછી ઘોડા ઉપર બેસી સાહેબ અને બીજા બે જણ ચંડોળા તળાવે પહોંચ્યા. દૂરથી હથિયારબંધી પાર્ષદ કાઠીઓને જોઈ સાહેબને શંકા થઈ કે કદાચ મોતીરાવ કહેતો હતો તેવું તો નહીં હોયને ! પણ પછી કંઈ પૂછે તે પહેલા જ જાણે શ્રીહરિની ઓળખાણ થઈ ગઈ હોય તેમ પ્રભુના ચરણમાં નમી પડ્યા.

વાત એમ હતી કે થોડા વર્ષો પહેલાં પોતે જંગલમાં શિકારે ગયા હતા. ત્યાંથી પાછા વળતાં સિંહ સામે મળ્યો હતો, પિસ્તોલમાં એક જ ગોળી બાકી હતી, પણ વિચાર કરવાનો વખત ન હતો, એમણે સિંહ સામે ગોળી છોડી પણ સિંહનો કાન વીંધીને ગોળી ચાલી ગઈ ને સિંહ તો કુદ્યો, એ વખતે ચમત્કાર થયો, જાણે સાહેબને કોઈકે અધ્ધર ઉંચકી લીધા. સાહેબે જોયું તો ખરેખર કોઈક દિવ્ય આકૃતિ તેમને અધ્ધર રાખી રહી છે. થોડીવારે સિંહ ચાલ્યો ગયો. આ સાહેબ પોતાને ઘેર આવ્યા પણ પેલી આકૃતિ ભૂલાતી જ નથી. આજે વર્ષો પછી શ્રીહરિનું મુખ જોઈને પોતાનું રક્ષણ કરનાર દિવ્ય આકૃતિ યાદ આવી. એમાંને આમાં કશો તફાવત દેખાયો નહીં.

પછી શ્રીહરિએ એક મોટો કાગળ સાહેબના હાથમાં મૂક્યો. એમાં એક ચિત્ર દોરેલું હતું. જેમાં ઉપરનો બનાવ તાદ્રશ દેખાતો હતો. અને સાહેબનું મકાન, બદામનું વૃક્ષ વગેરે આબેહૂબ દોરાયેલા હતા. પ્રભુએ આધારાનંદ સ્વામી પાસે એ ચિત્ર દોરાવ્યું હતું. સાહેબે વિચાર કર્યો કે જંગલના બનાવ વખતે કોઈ હતુ નહીં. એટલે મારા સિવાય કોઈ જાણતું નથી. તો પછી આ ચિત્રમાં આવું તાદ્રશ કોણ બનાવી શકે ! ખરેખર આ સ્વામિનારાયણ મનુષ્ય નથી પણ એમના આશ્રિતો કહે છે તેમ પરમાત્મા જ છે. ફરીથી નમન કર્યું. બેવડા ઉત્સાહથી શહેરમાં પધરામણી કરી, મોતીરાવનો અખતરો નિષ્ફળ ગયો.

કલેકટર શ્રીજીને ભદ્રમાં તેડી જઈ તેમની પધરામણી કરાવી. એ વખતે એક માસ સુધી અમદાવાદમાં રોકાઈ શ્રીહરિએ અનેક મુમુક્ષુઓને શરણે લીધા. કલેકટર સાહેબ દરરોજ સાંજે મહારાજ પાસે આવીને થોડીવાર બેસતા અને પોતાને યોગ્ય કામકાજ બતાવવાની વિનંતી પ્રભુ પાસે કરતાં. એક દિવસ કલેકટરે સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદમાં મંદિર તથા સંત નિવાસ માટે ધર્મશાળા બંધાવવા વિનંતી કરી. તે માટે જમીનની પસંદગી કરવા માટે કહ્યું. શ્રીજીએ તે વખતે નવા વાસ પાસે પાઠકવાડી તરીકે ઓળખાતી જમીન પસંદ કરી. કલેકટરે તે માટે યાવચ્ચંદ્ર દિવાકરૌ (સૂર્ય ચન્દ્ર તપે ત્યાં સુધી) નો લેખ કરી આપી જમીન અર્પણ કરી.

થોડા માસ પછી શ્રીજી મહારાજે આ સ્થળે શિખરબધ્ધ મંદિર બંધાવવાની આજ્ઞા તેમના એક શિષ્ય આનંદાનંદ સ્વામીને કરી. તે પોતાના મંડળ સાથે અમદાવાદ આવી ગયા. મંદિર બાંધવાની ચિતામાં રાત્રે આનંદાનંદ સ્વામી સૂતા એટલે તેઓની ચિંતાને દૂર કરવા માટે દિવ્ય સ્વરૂપે શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને દર્શન આપીને જગાડ્યા અને પોતાના પ્રતાપથી જમીનમાંથી સોનાનું મંદિર કાઢીને બતાવ્યું અને કહ્યું કે, "આવા અનેક સોનાના તૈયાર મંદિરો અમે આપી શકીએ છીએ. પરંતુ ઈંટ, ચૂના, પથ્થરથી મંદિરો નિર્માણ કરાવવાનો એ હેતુ છે કે તે મંદિરથી સેવામાં આવનાર અનેક ભક્તોનું અમારે કલ્યાણ કરવું છે." આનંદાનંદ સ્વામીએ એ સોનાનું મંદિર પોતાના હૃદયમાં કોતરી લીધું. અને એ મુજબના પ્લાનથી અમદાવાદના હરિભક્તોની તન, મન, ધન પૂર્વકની સેવા સહકારથી મંદિરનું કાર્ય ઝડપથી થવા લાગ્યું. દરરોજ હિંમતનગર તથા ધ્રાંગધ્રાની ખાણોમાંથી પથ્થરોના ગાડા વહેતા થયા. માલની અવર જવરમાં કલેકટર સાહેબની મદદથી ઘણી સરળતા થઈ હતી. પાછળથી શ્રીહરિએ પોતાના અનન્ય શિષ્ય, શિધ્ર કવિ, બ્રહ્માનંદસ્વામીને પણ મોકલ્યા હતા. મહાપ્રભુની સૂચના મુજબ જ જેમ સરોવરમાંથી કમળ ઉગી નીકળે તેમ જોતજોતામાં અમદાવાદના મધ્યમાં ત્રણ શિખરનું ભવ્ય દેદિપ્યમાન મંદિર તૈયાર થઈ ગયું. વિસનગરના અંબારામ અને કુબેર તેના મુખ્ય શિલ્પીઓ હતો. *(ક્રમશઃ)*

# સત્સંગમાં જિજ્ઞાસુ ઘણા હોય છે

-ડૉ. હરજી કેરાઇ (અંજાર-કચ્છ)

જુનું બરાબર મગજમાં ઊતાર્યું ન હોય અને નવું નવું જાણવાની ઈચ્છા સેવે એને જિજ્ઞાસું કહેવાય. બપોરનું ખાવાનું હજુ બરાબર પચ્યું ન હોય અને સાંજની વાળુની ઊતાવળ કરે, બીજાના ઘરમાં જેટ-જેટલાં પકવાનો થતાં હોય એ બધાંય ખાવાની ઈચ્છા રાખે. ભારત વિષે પુરૂ જાણતો ન હોય અને જર્મની વિષે પુરતું જ્ઞાન મેળવવાં ફાંફાં મારે અને જર્મનીનાં અમુક શહેરનાં નામ આવડે, વસ્તી કેટલીનો ખ્યાલ આવે, ઋતુઓ વિષે થોડું જાણી લે અને દેશની અમુક મોટી વ્યક્તિઓનાં નામ યાદી બનાવી લે અને જાણે જર્મનીમાં ઘણાય દિવસો રહી આવ્યો હોય એવી વાતો કરે.

સત્સંગમાં પણ શિક્ષાપત્રી એક વખત વાંચી નથી કે પોતાની જાતને શિક્ષાપત્રીનો સાક્ષર સમજે. પછી વચનામૃત હાથમાં લે. વચનામૃતમાં જ નવું હોય એજ વાંચે. સંવત, દરબાર કે શ્રીજીના વસ્ત્રોનું વર્ણન તો દરેક વચનામૃતમાં હોય જેથી એ ફરી વાંચવાની દરકાર ન કરે. વચનામૃત પુરૂ થાય એટલે સત્સંગિજીવન કે સત્સંગિભૂષણ હાથમાં લે. ફટાફટ વાંચી તો જાય પણ એમાં અમુક વસ્તુ ન સમજાય એ ફરી વાંચવાનું કે પોતાનાથી વધારે અભ્યાસી સત્સંગીને પૂછવાનું ટાળે અને વળી બીજું શાસ્ત્ર પકડે.

આમ સ્વામિનારાયણ સંપ્રદાયનાં બેચાર શાસ્ત્રો વાંચી નાખે અને શબ્દનું જ્ઞાન આવે એટલે બેચાર ચૂર્ણોના નામ અને ઉપયોગ જાણનાર વ્યક્તિ પોતાની જાતને વૈદમાં ખપાવે એવી રીતનાં પોતાની જાતને જ્ઞાનીમાં ખપાવે.

સ્વામિનારાયણ સંપ્રદાયની કકો બારાખડી આવડે એટલે પોતાની જાતને સત્સંગમાં પરિપૂર્ણ માને અને મંડે વાંચવા. પરોક્ષના શાસ્ત્રો શ્રીમદ્ ભાગવત, રામાયણ કે મહાભારત જેવા મોટા ગ્રંથો પણ એજ ઢબથી વાંચી નાખે. સત્સંગ માન્ય શાસ્ત્રો વાંચે ત્યાં સુધીની એની જિજ્ઞાસા હજુ પણ કંઈક મર્યાદામાં રહે પણ એ માન્ય સિવાયનાં શાસ્ત્રો પકડે અને કંઈક નવું જાણવાની જિજ્ઞાસા પોષે.

શિક્ષાપત્રી ફરીવાર વાંચીને એનો સાર ગ્રહણ કરવા એમાં ઊંડું ઉતરવાની કે શ્રી સ્વામિનારાયણ ભગવાનના આદેશોને બરાબર જીવનમાં ઊતારવા માટે અને કંઈક વધારે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રી શતાનંદ મુનિ રચિત શિક્ષાપત્રી ભાષ્યનો અભ્યાસ કરવાનું ટાળે... વચનામૃત પણ ફરી વાંચવાનું ટાળે અને બોલતો ફરે, "સ્વામિનારાયણ ભગવાનના મુખ્ય શાસ્ત્રો મેં એકવાર તો વાંચી લીધાં છે અને હવે રોજ રોજ એક જ શાસ્ત્ર ફરી ફરીવાર વાંચવામાં મજા શું ?"

એને નિત્ય નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા છે. પછી એને કદી શુદ્ધ સાચું જ્ઞાન પ્રાપ્ત થાય તો વાંધો નહિ. ગમે તેવું આપનાવીને ગ્રહણ કરી લે... એને જ્ઞાનની તરસ લાગી છે અને એના માટે એને ગાળેલું, ચોખ્ખું કે સત્સંગીના ઘરનું પાણી ન મળે તો પણ ગમે તેવું પાણી પીને પણ એની તરસ છીપાવવા તૈયાર છે. જે યોગ્ય નથી.

એક વખત સત્સંગની વાત સાંભળી લીધી એટલે ફરી એજ વાત સાંભળવાનો એને કંટાળો આવે. એક કથા એક વક્તાના મૂખે શ્રવણ કરી લીધી પછી બીજીવાર કથા સાંભળવાનું મન ન થાય.

એ મંદિરમાં કદાચ રોજ જતો હોય તો ભગવાન અને એ જ દર્શન... નવું શું છે ? મંદિરમાં કોઈ સારા સંત એને ભલામણ કરે કે, "રોજ શિક્ષાપત્રી વાંચજો, ભગત" તો કહેશે કે 'સ્વામી એક વખત બરાબર વાંચી લીધી છે હવે રોજ રોજ એકની એક વસ્તુ વાંચવામાં શું ફાયદો ?' શિક્ષાપત્રીના થોડીવાર વખાણ પણ કરે... અમુક આજ્ઞાઓ યાદ હોય એ મોઢે પણ બોલી જાય. પણ એની જીજ્ઞાસા સંતોષાઈ ગઈ હોવાથી શિક્ષાપત્રીમાં એની નિષ્ઠા ન બંધાય. વચનામૃતનું પણએવું જ, સત્સંગિજીવન કે સત્સંગિભૂષણનો પણ એવો સાર કાઢે. અરે ગીતા, રામાયણ જેવા ગ્રંથોમાં પણ પોતાની જાતને સાક્ષર સમજે. ફરીવાર વાંચવાનું નામ નહિ.

અન્ય શાસ્ત્રો વાંચીને એ ધીરે ધીરે ભગવાનને નિરાકારમાં ખપાવે. ભક્તિમાર્ગને પણ સગુણ માર્ગ કહે.

(અનુ. પેઈજ નં. ૧૨ પર)

# બહુ મોટા સાધુ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

ભગવાન મને દીકરો આપે તો સારું. એના સહારે જીંદગીનુ આયખું પુરૂં કરી નાખું.

આપશે બુન, આપશે, ચિંતા કરીશ નહિ. ભગવાન એક હાથે લઈ લે છે તો બીજા હાથે આપે છેય ખરા.

વડોદરા શહેરના માંડવી વિસ્તારમાં ત્રણ સ્ત્રીઓ પાણીના બેડાં ભરીને ઘેર જતી જતી વાતો કરતી હતી. સદા નામની બ્રાહ્મણ સ્ત્રી ગર્ભવતી હતી. પરંતુ તે થોડા સમય પહેલાં જ વિધવા બની હતી તેનું એને દુઃખ હતું.

શું વાત છે બહેનો ? પાછળ ચાલ્યા આવતા એક તપસ્વીએ પૂછયું.

તને બૈરાની વાતોમાં શું રસ છે તે પૂછે છે ? તું તારો રસ્તો પકડને ! એક સ્ત્રીએ તેને ટપાર્યો.

બહેનો ! હું આ બહેનનું હિત ઈચ્છું છું. એટલે પૂછું છું. યોગી જેવા દેખાતા તે યુવકે પેલી બ્રાહ્મણ સ્ત્રીનો નિર્દેશ કરતાં કહ્યું. ભગવાનની કૃપાથી મારા આશીર્વાદ ફળે છે. એકેય આશીર્વાદ નિષ્ફળ નથી ગયો. મારો આશીર્વાદ મેળવે તો આ બહેનને આંગણે અવશ્ય દીકરો રમતો થાય. પણ મારી એક શરત છે.

શું લવરી કરતો પાછળ હેંડ્યો આવે છે ? એક સ્ત્રી યુવકની સામે જોયા વિના જ બે હાથે બેડું પકડી આગળ ચાલતી ચાલતી બોલતી હતી. પરંતુ સદા તેની બીજી સખી સાથે ઉભી રહી. પાછળ ફરી યુવક સામે જોયું. જોતા વેંત જ તેનામાં કંઈક શ્રધ્ધાનો સંચાર થયો. યુવકને માથે જટા જોઈ તેને બાવાની નાતનો માની પૂછ્યું, બાવાજી ! શું તમારી શરત છે ?

દીકરો મોટો થાય ત્યારે અમને સોંપી દેવો.

તમે કોણ છો ? ક્યાં રહો છો ?

અમે તો વનવાસી છીએ. તીર્થવાસી છીએ. કોઈ ઠામ ઠેકાણું નથી.

સદા બહેન મુંઝાણા. દીકરો આવે અને એ લઈ જાય તો પછી મારા જીવનનો આધાર શું ? કોને સહારે જીવું ? દીકરો સોંપતા મારો જીવ કેમ ચાલે ? માથે બેડાનો ભાર છે છતાં વિચાર મગ્ન થઈ ઉભી રહી.

બીજી સ્ત્રીને પણ બાવો કંઈક ચમત્કારિક જણાયો. તેણે સદાને કહ્યું,અલી હા પાડી દે ને. કહી દે કે આપીશ. એ મોટો થશે ત્યારે તો આ રખડતો રામ કોણ જાણે ક્યાંય હશે ! શી ખબર ! ભવિષ્યમાં કોઈ કોઈને મળવાનું નથી.

આપો આશીર્વાદ જોગી મહારાજ ! તમે માગશો ત્યારે દીકરો તમને સોંપી દઈશ. પણ મારા દીકરાને માની મમતા અને બાપની હૂંફ આપજો. એટલું હું યે માગું છું.

જોગી મહારાજ દીકરાના આશીર્વાદ આપી આગળ નીકળી ગયા. પરંતુ જતાં જતાં કહેતા ગયા કે દીકરાનું નામ જગન્નાથ રાખજો.

સદાબા ઘેર આવ્યા. પાણિયારે બેડું મુક્યું. ખાટલે બેઠા. વિચારોના પ્રવાહમાં ખેંચાવા લાગ્યાં. નાની ઉંમરનો છોકરડો કોણ હશે ? એણે ઘર કેમ છોડ્યું હશે ? મા-બાપ નહિં હોય ? ઘરના એ કાઢી મૂક્યો હશે ? નાના હતો પણ દૈવતવાળો હતો. વાલો લાગે તેવો હતો. જોગીની જેમ જટાળો હતો. ઈન્દર જેવો રૂપાળો હતો. દુબળા શરીરવાળો હતો છતાં કેવો તેજસ્વી હતો ! ખરેખર કોઈ મોટો મહાત્મા હશે. મારું મન કહે છે કે એની કૃપાથી મારે દીકરો આવશે જ. પણ પછી શું ? એ ફરી પાછો આવશે ? મારા દીકરાને લઈ જશે ? ના, ના, આવશે તો યે હું દીકરો નહિં આપું પ્રથમી પર કોઈ જનેતાએ દીકરાના દાન આપ્યાં હશે ?

સમય જતાં સદાએ પુત્રને જન્મ આપ્યો. તેજસ્વી નાના બાળને જોઈ સદાબા ખૂબ રાજી થયા. તેમને જીવન કંઈક જીવવા જેવું લાગ્યું. ઘરની સંપત્તિ પ્રમાણે તેનું લાલન પાલન કરવા લાગ્યા. પુત્રને રમાડતાં રમાડતાં માથે હાથ ફેરવી બોલતા, મારા લાલ ! મારા અંધકાર ભર્યા જીવનમાં તું પ્રકાશ બનીને આવ્યો છું. સો વરસનો થાજે. સુખી થાજે. બીજાને સુખી કરજે. ભણી ગણી વિદ્વાન થાજે. સદ્‌ગુણી થાજે. ભગવાનનો ભક્ત થાજે. માતાના મુખેથી એક સાથે ઘણા બધા આશીર્વાદ વરસી પડતા. માનું હેત અમાપ હોય છે. જનેતાના સ્નેહને કોઈ સરહદ નથી હોતી.

સ્વામિનારાયણ ભગવાન ડભાણમાં

યજ્ઞ કરતા હતા. એક દિવસ સભામાં શ્વેત વસ્ત્રધારી શ્રીહરિ ઊંચા શ્વેત આસન ઉપર વિરાજમાન હતા. શ્વેતવસ્ત્રમાં સજ્જ છડીદારે શ્વેતછત્ર મહાપ્રભુ પર ધારણ કર્યું હતું. સર્વાંગે દિવ્ય શોભા ધારણ કરતા ભક્તકલ્પતરું ભગવાન પ્રસન્ન વદને ભક્તજનોને નિહાળી રહ્યા હતા. એવે વખતે વડોદરાથી હરિભક્તોનો સંઘ દર્શન કરવા માટે ત્યાં આવ્યો. સ્ત્રી પુરુષ ભક્તો નાની મોટી ભેટો ભગવાન પાસે આવીને મૂકતા હતા. પગે લાગી જતા રહેતા હતા. એ સંઘમાં એક પ્રૌઢ વયના બહેન હાથનું છજું આંખ ઉપર કરી શ્રીહરિને જોઈ રહ્યા હતા.

એ..... સદાબા અહીં આવો. અહીં આવો. સદાબા ચોંકી ગયા. આજુ બાજુ જોવા લાગ્યા. મારું નામ લઈ મને કોઈ બોલાવે છે ?

સદાબા ! તમને કહું છું. અહીં આવો. આજુબાજુ પડખે ઉભેલા લોકોએ કહ્યું, માડી મહારાજ તમને જ બોલાવે છે. જાઓ જાઓ જલ્દી ! સદાબાને બત્રીસે કોઠે દીવા પ્રગટ્યા. રોમાંચિત થઈ ગયા. હજાર હાથવાળો જગતનો નાથ મને બોલાવે છે ! જગન્નાથનેકહ્યું, ચાલ દીકરા તારા માથે હરિનો હાથ મુકાવું.

કેમ સદાબા ! કુશળ છો ને ? અમારી ઓળખાણ પડે છે ? સદાબા મહારાજ સામે જોઈ રહ્યા. મહારાજ સદાબા સામે જોઈ રહ્યા. અતીતની કોઈ સ્મૃતિ સદાબાની મદદે આવી નહીં. તેમણે કહ્યું, ના મહારાજ ! મેં તમને ક્યારેય જોયા હોય તેવું લાગતું નથી. યાદ કરો. શ્રીહરિએ કહ્યું. વર્ષો પહેલાં વડોદરા શહેરમાં અમે માંડવીમાં બેઠા હતા. ત્યારે તમે ત્રણ બહેનો પાણીના બેડાં ભરીને જતા હતા. એ વખતે અમે તમને દીકરો આપવાના આશીર્વાદ આપ્યા હતા. દીકરાનું નામ શું પાડવું એ પણ અમે કહ્યું હતું. અને દીકરો મોટો થાય ત્યારે અમને સોંપવાનું વચન પણ તમારી પાસેથી લીધું હતું.

સદાબાને આખો પ્રસંગ યાદ આવ્યો. મારા બાપ ! એ તમે હતા ? અમે તો તમને જેમ તેમ બોલ્યા હતા. મારા પરભુ ! માફ કરજો. પછી દીકરાને આગળ ધરી કહ્યું, મહારાજ ! તમારી બધી વાત સાચી છે. આ રહ્યો એ જગન્નાથ. જગન્નાથ મહારાજને પગે લાગ્યો.

તો હવે આપી દો અમને. વાર શી છે ?

સદાબા ઉભા રહ્યા. માતૃત્વ દીકરો આપવા આનાકાની કરતું હતું. પરંતુ સબળ આત્મનિષ્ઠા સહારે આવી. આખા જગતનો પાલનહાર સામેથી માગે છે તો એ શું તારા દીકરાને દુઃખી કરશે ? આપી દે. આપી દે. દીકરાનું ભાગ્ય બ્રહ્માથી યે અધિકું છે.

સદાબા શું વિચારો છો ? શ્રીહરિએ વિચાર વમળમાં અટવાયેલા સદાબાને ઢંઢોળ્યા.

મહારાજ ! જીભ કચરી છે. પાછી નહિં પડું. પણ માનો જીવ છે ને ? એટલે કહું છું કે મારા દીકરાને સાચવજો.

અરે માડી ! તમારો લાલ તો મારો જમણો હાથ બનીને રહેશે. તમે જરાય ફિકર ન કરશો.

સદાબાએ પુત્ર જગન્નાથના કપાળમાં કંકુનો ચાંલ્લો કર્યો. પછી તેનો જમણો હાથ શ્રીહરિના કરકમળમાં આપ્યો. પછી બોલ્યા દીકરા હવે તું નિર્ભય છે. ત્રણ ભુવનના નાથને ખોળે બેઠો છે.

યજ્ઞ પુરો થતાં શ્રીહરિ જગન્નાથને લઈ ગઢપુર આવ્યા. થોડો સમય જતાં તેમને સાધુ દીક્ષા આપી. પછી બોલ્યા હવે તમે મુક્તાનંદ સ્વામી પાસે જાઓ. એ તમારું નામ પાડશે. જગન્નાથ મુક્ત મુનિ પાસે ગયા. પગે લાગી કહ્યું, હે સ્વામી ! મહારાજે મારું નામ પાડવા આપને કહ્યું છે.

હે મહાપુરુષ ! શ્રીહરિની પ્રેરણાથી હું તમારું નામ શુકાનંદ પાડું છું.

X X X X X

શુકાનંદ સ્વામી કેવી રીતે સાધુ થયા એ વિષે વાર્તાંતર જોવા મળે છે. બીજી વાત પ્રમાણે તેઓ ડભાણના વતની હતા. અભ્યાસ ડભાણમાં જ કર્યો હતો. પોતે મુક્તાત્મા હતા તેથી સાધુ સંતો જ્યારે આવે ત્યારે તેમની સેવા કરતા. એકવાર શ્રીજી મહારાજ ડભાણ પધાર્યા હતા. સભામાં કથા કરાવતા હતા. કથા દરમ્યાન કથાકાર વ્યાસજીને પ્રશ્નો પૂછતા અને વ્યાસજી તેનો ઉત્તર આપતા. નાની ઉમરના જગન્નાથ આ બધું અહોભાવથી નિહાળતા. તેમને થતું કે હું પણ આવી રીતે ભગવાનની સામે કથા કરું તો કેવું સારું ! લગભગ પંદર વર્ષની ઉંમર થઈ ત્યારે શ્રીહરિ પાસે જવા માટે જગન્નાથને તીવ્ર ઈચ્છા થઈ. દિન રાત મનમાં આજ વિચાર ઘોળાયા કરે. શ્રીજી મહારાજ પાસે જઈ તેમની સેવામાં જીવન સમર્પિત કરું. આવા તીવ્ર વેગથી એક દિવસ ઘર છોડીને ચાલી નીકળ્યા.

દાદાખાચરના દરબારમાં વિરાજમાન શ્રીહરિ કહે છે હે સંતો ! હે ભક્તજનો ! આજે શ્રીમદ્ ભાગવત પુરાણના વક્તા વ્યાસપુત્ર શુકદેવજી અહીં આવી રહ્યા છે. માટે ચાલો તેમનું સ્વાગત કરવા સામા જઈએ. સંતો પાર્ષદો સહિત પ્રયાણ કર્યું. બધાને શુકદેવજી પ્રત્યે અહોભાવ હતો. પરિક્ષીત રાજાનું કલ્યાણ કરનાર શુકદેવજી કેવા હશે ? દર્શન કરવા બધાની ઉત્કંઠા વધી ગઈ. જ્યારે રાધાવાવ પાસે આવ્યા ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, અમે અહીં બેસીએ છીએ. તમે શુકદેવજીને લઈ અહીં આવજો.

પાર્ષદોના મનમાં એવી છાપ હશે કે શુકદેવજી એટલે ઋષિ મુનિઓના જેવા ત્રિકાળ જ્ઞાની હશે. ધ્યાની હશે. પડછંદ કાયા હશે. માથે જટા હશે. દાઢી હશે. પ્રતિભાવંત હશે. હાથમાં માળા હશે. પગમાં ચાંખડી હશે. માળા જપતા ધ્યાન ધરતા હરિસ્મરણ કરતા ચાલ્યા આવતા હશે. પાર્ષદો તો ઘણે દૂર સુધી ગયા પણ તેમની ધારણાવાળા શુકદેવજી મળ્યા નહિ.

આ બાજુ જગન્નાથ ભટ્ટ ગઢપુરની સમીપે આવ્યા ત્યારે એક વિશાળ વાડી જોઈ. તેમને થયું કે આ વાડીમાં પાણી હશે તો હાથ મોં ધોઈ થોડો વિશ્રામ કરી પછી મહાપ્રભુ પાસે જાઉં. રાધાવાડીમાં પ્રવેશ કર્યો તો સામે જ સ્વામિનારાયણ ભગવાનને બેઠેલા જોયા. એકદમ લાગણીશીલ બનેલ ભટ્ટજી શ્રીહરિ પાસે જઈ દંવડત્ પ્રણામ કરવા લાગ્યા. જગતપતિ જગદીશ્વર તરત ઉભા થયા. જગન્નાથને બાથમાં લઈ ભેટ્યા. પછી બોલ્યા. અમે તમારી રાહ જ જોતા હતા. તમે આવ્યા તે બહુ સારું થયું.

શ્રીહરિ કુશળ સમાચાર પૂછે છે તેવામાં પાર્ષદો બધા ત્યાં આવીં પહોંચ્યા. તેમણે નાની વયના પાતળા બાંધાના આ યુવકને જોયો પરંતુ તે બીજો કોઈ હશે એમ માની શ્રીહરિને કહ્યું, હે મહારાજ ! અમે તો ઘણે દૂર સુધી જઈ આવ્યા. પણ શુકદેવજી મળ્યા નહીં તેથી પાછા આવ્યા.

શ્રીહરિએ કહ્યું, જુઓ આ શુકદેવજી અમારી સમીપે જ બેઠા છે. હજું હમણાં જ આવે છે. તમે શું એમને જોયા ન હતા ? પાર્ષદો કહે હે મહારાજ ! અમારે ઓળખવામાં ભૂલ થઈ ગઈ. અમને તો એમ કે શુકદેવજી કોઈ મોટા રૂષિ મુનિ જેવા હશે !

મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું, આ બ્રહ્મદેવ આપણી પાસે આવ્યા છે. બ્રહ્મચારી છે તો હમણાં એમને તમારી પાસે રાખો. એમને રહેવા, ખાવા, પીવા વગેરે બાબતનું ધ્યાન રાખજો. થોડા સમય બાદ જગન્નાથ ભટ્ટે મૂળજી બ્રહ્મચારી પાસે ત્યાગી થવાની ઈચ્છા વ્યક્ત કરી. બ્રહ્મચારીએ મહારાજને વાત કરી. શ્રીહરિએ તેમને બ્રહ્મચારીની દીક્ષા આપી ગોવિંદાનંદ નામ પાડ્યું.

જગન્નાથ ભટ્ટ થોડો સમય બ્રહ્મચારી તરીકે રહ્યા. તે દરમ્યાન તે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી જેવા મોટા સદ્‌ગુરુઓના સંપર્કમાં આવ્યા. આ સદ્‌ગુરુઓના વર્તન, તેમનું જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરેથી પ્રભાવિત થઈ તેમની સેવા કરવાના આશયથી સાધુ દીક્ષા લેવા વિચાર કર્યો. તેમની નજરમાં સુરા ખાચર આવ્યા. સુરા ખાચર મહારાજની સાથે મિત્ર પણે વર્તતા. કોઈ પણ વાત હોય સંકોચ વગર તેમની આગળ કરી દેતા તેથી પોતાનો વિચાર સુરાખાચરને કહ્યો.

ઓલ્યા તમારા શુકદેવજી આવ્યા છે ને ? તેને સાધુ થાવું છે. એક દિવસ સુરાખાચરે મહારાજને કહ્યું.

એમને તો બ્રહ્મચારીની દીક્ષા આપી છે ને ? શ્રીહરિ બોલ્યા.

હા, પણ એને સાધુ ભેગું રહેવું છે.

કેમ ?

ઈ કે'તા તા કે મોટા સાધુની સેવા કરીએ તો રૂડું થાય. એમના ગુણ આપણામાં આવે.

તો એને કહેજો કે મુક્તાનંદ સ્વામી પાસે જાય. સ્વામી એને સાધુના વસ્ત્રો પહેરાવે. જનોઈ આપે અને બેય જણા મારી પાસે આવે. શ્રીજી મહારાજે કહ્યું.

સુરાખાચરે મુક્તમુનિ અને ગોવિંદાનંદ બ્રહ્મચારી બંનેને ભેગા કર્યા. અને વાત કરી. મુક્ત મુનિએ બ્રહ્મચારીને ભગવાં પહેરાવ્યા બંને જણા શ્રીહરિ પાસે આવ્યા.

તમારે સાધુ થાવું છે ? મહારાજે બ્રહ્મચારીને પૂછ્યું. આવો તમને મંત્ર આપું. એમ કહી સાધુ દીક્ષા આપી. પછી મુક્ત મુનિને કહ્યું, સ્વામી ! અમે આમને સાધુ બનાવ્યા. હવે નામ તમે પાડો.

હે મહારાજ ! એમનું નામ શુકાનંદ રાખીએ.

સ્વામી ધન્ય છે તમને ! તમે બધું જાણતા લાગો છો. એ પૂર્વના શુકદેવજી

પોતે જ છે ! શુકાનંદ નામ બહુ સારું છે અને તેમને બંધ બેસતું છે.

શુકાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી પાસેથી સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. શ્રીજી મહારાજને કંઈ પણ લખાવવાનું હોય, ખરડા તૈયાર કરાવવા હોય, પત્રો લખાવવા હોય તો તે કાર્ય શુકમુનિ જ કરતા. વચનામૃતના ખરડા પણ તેમણે જ તૈયાર કર્યા હતા. શ્રીહરિ પૃથ્વી પર રહ્યા ત્યાં સુધી આ મુનિ હંમેશા તેમની પાસે જ સેવામાં રહેતા. તેઓ પુસ્તકો સાચવતા. તેની જાળવણી કરતા. સંશોધન કરતા. પોતે પણ સંસ્કૃત તથા ગુજરાતીમાં કેટલાક ગ્રંથો રચ્યા છે. મંજુકેશાનંદ સ્વામીએ તેમણે બનાવેલ નંદનામ માળામાં શુકમુનિ શાસ્ત્રવેત્તા સુજાણ એ રીતે તેમની ઓળખાણ આપી છે.

આ શુકમુનિ બહુ મોટા સાધુ છે. જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એને ચડતો ને ચડતો રંગ છે પણ મંદ તો પડતો નથી માટે એતો મુક્તાનંદ સ્વામી જેવા છે. એવું કહીને શ્રીજી મહારાજે તેમની પ્રશંસા કરી છે.

એકવાર શ્રીજી મહારાજને કોઈ ખરડો લખાવવો હતો. શુકમુનિને બોલાવ્યા. બોલાવા જનાર વ્યક્તિએ કહ્યું, એમને તો બહુ તાવ આવ્યો છે. ઉઠી શકે તેવી સ્થિતિમાં નથી. શ્રીહરિ કહે અમારે એમની પાસે લખાવવું તો પડશે જ. કોઈ બે જણા જાઓ ટેકો આપી ઉભા કરી હાથ પકડી ધીરે ધીરે અહીં લઈ આવો.

મહા પરાણે મુનિને મહારાજ પાસે લાવ્યા.

શુકમુનિ ! આ ખરડાનો આટલો ભાગ લખી આપો. મહારાજે કહ્યું. શુકમુનિનું આખું શરીર આકરા તાવથી ધ્રુજતું હતું. કલમ પકડી શકે તેવી સ્થિતિ જ નહોતી.

હે મહારાજ ! મારા શરીરમાંથી ચૈતન્ય માત્ર ચાલ્યું ગયું છે. હાથ ધ્રૂજે છે. શી રીતે લખી શકીશ ? શુકમુનિએ શ્રીહરિના મુખારવિંદ સામે જોતાં કહ્યું.

હે મુનિ ! તમે ધીરે ધીરે લખો. બધું સારું થઈ જશે.

શુકમુનિએ ધ્રૂજતા હાથે કલમ માંડ માંડ ઉપાડી. એક શબ્દ મહાપરાણે લખ્યો. બીજો લખ્યો, ત્રીજો લખ્યો. જેમ જેમ શબ્દો લખતા ગયા તેમ તેમ શક્તિનો સંચાર થયો ગયો. જેટલું લખવાનું કહ્યું હતું તેટલું પૂર્ણ કર્યું ત્યારે તાવ ઉતરી ગયો હતો. અશક્તિ ચાલી ગઈ હતી. સાજા, સારા અને સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયા. તે પછી કોઈ દિવસ સ્વામીને કશું થયું નહિ તદ્ન નીરોગી શરીર રહ્યું હતું.

શ્રીહરિ ધામમાં ગયા પછી તેમના વિરહથી સ્વામી ઘણા દુઃખી થતા હતા. એક દિવસ મહારાજને દર્દ ભરી પ્રાર્થના કરી. હે મહારાજ ! તમે મને નીરોગીપણું આપ્યું છે. તે હવે અસહ્ય થઈ પડે છે. આપે કરેલો અનુગ્રહ પાછો ખેંચી લો. મને જવર પીડા પાછી આપો. ભગવાને પ્રાર્થના સાંભળી. તાવનો વ્યાધિ ફરી શરૂ થયો. બાર વર્ષ સુધી જવર પીડા સહન કરી.

સંવત ૧૯૨૫ના માગશર વદ અમાસને દિવસે શ્રીજી મહારાજ તેમને પોતાના ધામમાં લઈ ગયા.

*અનુ. પેઈજ ૮ નું ચાલુ...*

**સત્સંગમાં જિજ્ઞાસુ ઘણા હોય છે**

અવતારોનું પણ ખંડન કરે. અને એક સમય એવો આવે કે એ સત્સંગમાંથી સમૂળગો પડી જાય. "ભગવાન તો દરેક જગાએ છે. ઘરમાં પણ છે. તો પછી રોજ મંદિરે જવાની જરૂર શી ?" ઘરે ચિત્ર પ્રતિમાનાં દર્શન કરીને પોતાની જાતને વધારે જ્ઞાનીમાં ખપાવે... "સાચી શાંતિ મંદિરમાં ક્યાંથી મળે જ્યાં માણસોની ભીડ હોય, આરતી વાગતી હો, નગારૂ વાગે, કથા-વાર્તા ઉંચે સાદે વંચાતી હોય, ધાર્મિક કીર્તનોની કેસેટો વાગતી હોય... સાચી શાંતિ નદી-ખેતર કે બગીચામાં મળે" ! અને આવી રીતના ભગવાનની આજ્ઞાઓનું ઊલ્લંઘન કરે.

એક સમય એવો આવે છે કે એની જિજ્ઞાસાને પોષવા એ ક્યાંક વાંચી પણ લે કે સહજાનંદ સ્વામી ગુજરાતના પ્રખ્યાત સંત થઈ ગયા અને એ સાચા સમાજ-સુધારક હતા અને સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરિપણું તો ઠીક પણ એમને ભગવાન તરીકે માનવામાં પણ સંશય ઉભો થાય.

સત્સંગમાં આવી જિજ્ઞાસા હાનિકારક છે અને આવા જિજ્ઞાસુ આ લોક અને પરલોકમાં દુઃખીઆ થાય છે અને સત્સંગના સાચા માર્ગને ભૂલીને ખોટા માર્ગે ચડી જાય છે.

આવા જિજ્ઞાસુઓ રોજ સૂવે છે, એજ ખોરાક ખાય છે. રોજ એજ ચંપલ કે બૂટ પહેરે છે. રોજીંદા કાર્યક્રમમાં એને જિજ્ઞાસા નથી. સત્સંગમાં કે ભક્તિમાં અને શાસ્ત્રો વાંચવામાં એને રોજનું ફાવતું નથી અને નિત્ય નવાની શોધમાં પડીને અંતે ક્યાંયનો રહેતો નથી.

# આત્મચિંતન અવતારના અવતારીનું

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

ઈશ્વર સદ્ ચિંતનના આનંદરૂપ છે. આત્મચિંતન એ આત્મસંયમ તરફનું પહેલું પગથિયું છે, અને આત્મજ્ઞાન એ બીજું સોપાન છે. આત્માનું ખરેખર શુદ્ધ સ્વરૂપ 'અસીમ' છે. પરંતુ દેહના બંધનમાં બદ્ધ થયેલો આત્મા પોતાનું નિજ સ્વરૂપ સંકોચીને દેહની સીમામાં અજ્ઞાન અને આસક્તિને કારણે બંધાય છે. આત્મ સ્વરૂપને ઓળખવાથી જ, તેનું ધ્યાન ધરવાથી, આત્મચિંતન અંતઃકરણના અતળ ઉંડાણથી કરવાથી તેના જ સ્વાભાવિક ગુણો પ્રગટાવવાથી, માનવી આત્મોન્નતિ સાધી શકે છે, અને અંતકાળનાં ચિંતન મુજબ જ જીવનની ગતિ થાય છે.

આત્મચિંતન દ્વારા આવતી કાલની ચિંતા કરે તે 'ત્યાગી' નહિ 'રાગી' છે. માટે આવતી કાલની ચિંતા ન કરો. આત્મચિંતન દ્વારા અવનવા વિચારો ઉદ્ભવે છે. આપણા પોતાના જ વિચારો આપણને સફળતા કે નિષ્ફળતા અપાવે છે. પ્રેમયુદ્ધ અને ક્રાંતિમાં માત્ર અસરકારક વિચારો જ જીતે છે. જીવનમાં વિચારોનું મહત્વ ઘણું છે. આાપણે વિચારોના વલયમાં અટવાઈ જઈએ છીએ. આત્મચિંતન દ્વારા મનમાં સુંદર વિચારોનું બીજારોપણ કરો, તમારી ફસલ ઉત્તમ નીવડશે.

હમેશાં હિતકારી, પ્રીતકારી અને મંગલકારી કલ્પના કરો. કલ્પના કે આત્મચિંતન એ કાર્ય કરવાની દિશા છે. સ્વપ્નો સેવો ભલે, પણ સ્વપ્નોમાં ન રાચો, સ્વપ્નોની સિદ્ધિમાં રાચો. આત્મચિંતન માટે એકાંતની શોધ કરો. ચિંતનથી પ્રસન્નતાનો અનુભવ થાય છે. પાસ્કલ કહે છે : "Man's greatness ties in his power of thought." ચિંતાના ચકરાવે ચડેલા ચંચળ ચિત્તને ચિંતનનો ચારો ચરાવો. હૃદય અને આત્માના વલોણામાં તમારી આંતરિક વિચારણાને વલોવો, ત્યાંથી તમને જે નવનીત મળશે એ સાચું હશે. નકારાત્મક વિચારોને દૂર કરો. વિચારોની તાકાત અકલ્પનીય હોય છે. માણસ ધારે તે બની શકે છે.

વિચારોને ઉગવા દેવા જોઈએ, આત્મચિંતન દ્વારા તેનો આદર કરવો જોઈએ. અંતરાત્માના અવાજને જ અગ્રિમતા આપો. શાશ્વત આનંદની ઉપલબ્ધિ આત્મચિંતન દ્વારા શક્ય બને છે. ચૈતન્ય આનંદમય છે. પ્રકૃતિના ગુણ ધર્મોથી ઉપર, અલગ જઈને તેને પામવાની પ્રક્રિયા જ સર્વોત્તમ આત્મચિંતન છે. સર્વોત્તમ ધ્યાન છે. 'કીટ-ભ્રમર-ન્યાય'થી જે મનુષ્ય તે આનંદનું સતત ચિંતન કરે છે. તે મનુષ્ય સુખ-દુઃખરૂપી કીટ મટીને આનંદરૂપી ભ્રમર બની જાય છે ! આ શાશ્વત આનંદ આત્મચિંતન કે આત્મજ્ઞાન વિના શક્ય નથી. આપણી અપૂર્ણતાનું ચિંતન કરવું ને પરમાત્માના અનંત ગુણોનું સ્મરણ કરવું તેનું નામ જ પ્રાર્થના.

આધિ, વ્યાધિ અને ઉપાધિથી ત્રસ્ત માનવીને આત્મચિંતન અમૃત સમાન છે. સાચું સુખ આત્માનંદમાં છે. આત્મા એ પરમાત્મનો અંશ છે. આત્માર્થીને દુઃખ કેવું ? દેહાર્થી જ દુઃખ-દુઃખનો શોર મચાવે છે. વિદેહી જનકની જેમ સુખ-દુઃખમાં આત્મચિંતન દ્વારા સ્થિતપ્રજ્ઞ અવસ્થા જાળવે તે જ સૌથી સુખી.

સ્વામી વિવેકાનંદ કહે છે : "આત્મચિંતન વ્યક્તિને ગમગીન નહિ, પણ આનંદનું સંતાન બનાવે છે ! પ્રભુમય પુરુષ સદાય આનંદમાં રહે છે. આનંદ પોતાના મસ્તક ઉપર શોકનો મુગટ ધારણ કરીને આવે છે, જે આનંદને આવકારે છે તેને શોકને પણ આવકાર આપવો પડશે."

આત્મસ્વરૂપને જે રૂડી રીતે જાણે છે, તે જ કર્મબંધનથી મુક્ત થઈ શકે છે. તત્ત્વજ્ઞાન એ દર્શન, ચિંતક એ દર્શક, અને ફિલસૂફ એ દાર્શનિક. દર્શન એ જીવનની કલા છે. જીવન જ છે. આત્મચિંતન દ્વારા જીવનદર્શન કરવાથી એને જ્ઞાન, શક્તિ અને આનંદ મળશે. આત્મચિંતન કરવાથી અને જોવાથી જે - તે વ્યક્તિને ખ્યાલ આવશે, રસ્તો જડશે અને લક્ષ્ય દેખાશે. આત્મચિંતનની અગત્યતા જીવનઘડતર અને ચારિત્ર્યઘડતર માટે જેટલી આંકીએ તેટલી ઓછી છે. આત્મચિંતન ઈષ્ટદેવનું કરો.

પ્રગતિની સાચી દિશા શોધવા, આત્મચિંતન અને આત્મનિરીક્ષણ

(અનુ. પેઈજ નં. ૧૫ પર)

# સત્સંગ સૂરભિ :

## મોટી ઓથ મહારાજની

– અતુલ પોથીવાલા

"તમે ચારેય જણ અમારું એક વચન માનશો ?" "હા મહારાજ ! તમે કહેશો તેમ કરીશું." ચારેય જણ બહુ હોંશથી ભરોંસાનો બોલ બોલ્યા. શ્રધ્ધા અને વિશ્વાસના એ રણકતા બોલથી મહારાજ બહુ રાજી થયા. "તમને વીશ દિવસની મહેતલ છે. એ દરમ્યાન મેમકા ગામ છોડીને કુટુંબ સહિત ચાલ્યા જજો. સર્વે માલમત્તા લઈને ઉચાળા ભરજો પણ અહીં રહેશો નહિ." મહારાજ તો વિદાય થયા. સોંનેરી મોળિયું જ્યાં સુધી દેખાયું ત્યાં સુધી એ ચારેય મહારાજને જોતા રહ્યાં.

એ ચાર હતા મેમકા ગામના ચાર માત્ર સત્સંગી, મૂલજી શેઠ, હંસરાજ સુતાર, શામો અગોલો અને શામો કણસાગરો. મહારાજ કારિયાણીથી ખાસ ચાલીને મેમકા પધારેલા. માત્ર પોતાના સત્સંગીનું રક્ષણ કરવાને કાજે.

પંદર દિવસમાં ચારે જણે ઉચાળા ભર્યા તેમાં મૂળજી શેઠ લીંબડી ગયા, બીજા બીજે ગામ ગયા પણ જ્યાં જઈને રહ્યા ત્યાં મહારાજની મૂર્તિનું ચિંતવન કરતા રહ્યા ! અને એકવીશમાં દિવસે મેમકામાં ગાયકવાડી ફોજ સાથે બાબોજી ચડી આવ્યા અને વઢવાણનું ગામ જાણી લૂંટી લીધું. મહારાજના બોલમાં અડગ વિશ્વાસ રાખ્યો તે ચારેય સત્સંગી બચી ગયા ! જેને મહારાજની ઓથ તેને શેની ખોટ ! મૂળજી શેઠ હવે લીંબડીવાળા મૂળજી શેઠ ગણાવા લાગ્યા.

શ્રીજી મહારાજે જ્યારે ડભાણમાં યજ્ઞ કરેલો ત્યારે મૂળજી શેઠને ખાસ હિસાબ-કિતાબ રાખવા તેડાવેલા. યજ્ઞમાં હજારો માણસોની ભીડ હતી. અને એમાં કેટલાક દ્વેષીઓ પણ પેસી ગયેલાં. એમણે તો ઘી ખૂટી ગયું છે ને રૂપિયા પણ ખૂટી ગયા છે - એવી ગપ ચલાવી. પણ મહારાજે મૂળજી શેઠને બોલાવીને કહ્યું, "વિપ્રો ભલે અવળીમાં છે, તો પણ ધન વહેંચી દેજો અમારે સંગ્રહ નથી કરવો."

પણ મૂળજી શેઠ બધું જાણે-સમજે કે બૂમરાણ તો દ્વેષીઓએ ખૂબ મચાવ્યું છે. એટલે એમને કકળાવવામાં કશું ખોટું નથી. વળી નામા ઉપર માલ-સામાન આણ્યો છે તે સૌને યજ્ઞ કાર્ય પુરું થતાંની સાથે જ ચૂકવી દેવા નાણાંની જરૂર પડશે. સિલકમાં ભલે ધન છે. પરંતુ હઠીલાને દ્વેષી વિપ્રોમાં ઉડાડી દેવા માટે નથી. યજ્ઞના કાર્યમાં રોકાયેલા મહારાજની પડખે જઈ એમણે મુદ્દાની વાત કરી : "મહારાજ ! આપે શું સમજીને કહી દીધું કે....." એમનું શરીર રોષથી ધ્રુજતું હતું ને અવાજ કંપતો હતો.

એકાંત ખોળીને મહારાજને સમજાવ્યું, "આજે આપવાનો દિવસ છે. અને હું તો આપવા જ પાટલે બેઠોછું. તમે ફિકર ના કરશો શેઠ. બ્રાહ્મણો કેવા છે તે શું હું નથી સમજતો ? પણ હું જ ઉઠીને એમને જાકારો દઈશ તો પછી એ ક્યાંયના નહિ રહે. લોકોમાં એમનું માન નહીં રહે. પૂજન-અર્ચનમાંથી અને વિધિ-અનુષ્ઠાનમાંથી લોકોની શ્રધ્ધા ઉઠી જશે, કેમ કે એ બધું હજી આ બ્રાહ્મણોના હાથે ચાલતું રહેવાનું છે, અને બધા દ્વેષી પણ નથી. એમાંના ઘણા બ્રાહ્મણો વિદ્વાન છે. જ્ઞાન અને કર્મ બંનેના સંભાળનારા છે. એમનું અંતર ખાટું થઈ જાય તે અમને નહિ ગમે. માટે આપો. મૂળજી-મનમાં કશો જ સંકોચ કે ખટકો રાખ્યા વિના આપો."

મૂળજી શેઠ તો મહારાજની મુદ્રા સામું જોતાં જ રહ્યાં : "અરે હું જ ભૂલો પડ્યો ! જ્યાં સ્વયં પુરુષોત્તમ નારાયણ આપવા બેઠા છે ત્યાં આ અવળચંડો જીવ શંકા ધરીને બેસી ગયો ! મહારાજે મને હિસાબ કિતાબ રાખવા તેડાવેલો છે તે હું તો મહારાજને જ ભૂલી ને હિસાબ સમજાવવા બેસી ગયો !"

મૂળજીશેઠનો રોષ પલકવારમાં શમી ગયો. મહારાજને કહે, "મહારાજ ! આપ કહેશો એટલું ધન આપતા રહીશું !"

પછી તો મહારાજે માંગ્યું એટલું ધન મૂળજી કાઢતા ગયા. પાછા વળીને જોયું જ નહિ. અને મહારાજ પણ એ ધન આપતા જ ગયા. કદીક પૂછ્યું પણ નહીં કે હવે શી સ્થિતિ છે ! હજારોની સંખ્યામાં આવેલા બ્રાહ્મણો ખોબલે ખોબલે ધન પામ્યા. સૌને સંતોષ થયો. દ્વેષી બ્રાહ્મણો પણ ભોજન અને ધન પામીને આનંદ પામ્યા. મહારાજનો તથા

ધર્મનો યશ ગાતાં ગાતાં સહુ વિદાય થયા.

મહારાજ હવે ગાદી ઉપર વિરાજમાન થયા. મૂળજી શેઠને તેડાવ્યા અને પૂછયું, "બોલો હવે તમારી આવતી કાલની ચિંતા શી છે તે જણાવો. તપાસ કરીને કહો કે કેટલી કસર રહેશે."

પણ કસર હોય તો કોઈ કહેને ? મૂળજી શેઠ ઓરડા ઉઘાડી રૂપિયાની કોઠીઓ જોઈ વળ્યા. પૂરા સોળ હજાર ગણીને ભર્યા હતાં તે બધા અકબંધ જોઈને અચરજ પામ્યાં ! તેઓ તો અહોભાવની સિલક લઈને મહારાજ પાસે ગયા.

સાષ્ટાંગ દંડવત્ કરીને દીન વદને બોલ્યા : "સિલક તો હતી તે પૂરેપૂરી સોળ હજાર રૂપિયા વધી છે. મહારાજ ! મોટી ઓથ જ્યાં આપની હોય તે સત્કાર્યમાં શી મણાં હોય ?"

વિશ્વનો સર્વ પ્રથમ એવો - આવડો મોટો યજ્ઞ - આજે નિર્વિઘ્ને સમાપ્ત થયો. મહારાજની આસપાસ સર્વે સેવા આપનારા સત્સંગી ભક્તજનો પણ વિંટળાઈ વળ્યા. આવડું મોટું અચરજ નિહાળીને સૌના અચરજનો પાર ન રહ્યો !

જે સત્કાર્યમાં સ્વામી સહજાનંદની ઓથ હોય તેમાં ખોટ ખમવાનું હોતું જ નથી. આપો તેથી અધિક મળે છે - સુયશ અને કલ્યાણ બંન્ને ! સહજાનંદી સ્વરૂપનો આ જ તો પ્રતાપ છે ને ?

લાખોની સંખ્યામાં આવેલી માનવ મેદની આજે સહજાનંદી સ્વરૂપનો પ્રભાવ નિહાળી વિસ્મય પામી હતી.

## અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના

## દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂ. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

*અનુ. પેઈજ ૧૩ નું ચાલુ...*

## આત્મચિંતન અવતારના અવતારીનું

અનિવાર્ય છે. પુરુષાર્થમાં આત્મચિંતન અને આત્મજ્ઞાનનો સુભગ સમન્વય થાય ત્યારે જ પૂર્ણતા આવે છે. આત્મ ચિંતન જીવન નૌકાને પાણીની માફક સરળપણું મેળવી આપે છે. વિચારો ઉપર કાબૂ જોઈએ. દરેક કાર્ય આત્મચિંતનમાંથી - વિચારમાંથી જ ઉદ્ભવે છે. સાત્વિક વિચારો, ધરાવનાર જ કર્મયોગ સાધી શકે. 'તારો વિચાર તું કર', મારું જ શરણ ધર. આ છે ગીતાનું પરમ રહસ્ય. આવો ઉપદેશ આપીને ભગવાને માનવની સંકલ્પ શક્તિને સ્વતંત્રતા આપી છે. શરીર એ આત્માને રહેવાનું સ્થાન છે. આત્મા અજર અમર છે. આ આત્મા અગમ્ય શક્તિ ધરાવનાર છે. આત્મા અચિંત છે. સાક્ષીભૂત છે. આત્મા દિવ્ય લોક શાસનનો માલિક છે. આત્મા સાક્ષાત્ સત્ - ચિત આનંદસ્વરૂપ છે. આથી આત્મચિંતન એ અમોઘ શસ્ત્ર છે.

## અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિકમાસ પ્રથમ જેઠમાસ (પુરૂષોત્તમમાસ)ની ભવ્ય ઉજવણી

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીજી મહારાજે સ્વયં બાથમાં લઈ પધરાવેલ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં સં. ૨૦૬૩ના પવિત્ર અધિક જેઠ માસ (પુરૂષોત્તમ માસ)માં આવતા તા. ૧૭-૫-૨૦૦૭ થી તા. ૧૫-૬-૨૦૦૭ પર્યન્ત આખા માસના ઉત્સવો તિથિ પ્રમાણે ભવ્યતાથી ઉજવવાનું શુભ આયોજન કર્યું છે. આ પ્રસંગે રોજના વાર્ષિક વૃત ઉત્સવ પ્રસંગોના દર્શનનો લાભ લેવા અમારુ સૌ સત્સંગ સમાજ સમસ્તને રૂડું આમંત્રણ છે.

સુજ્ઞ વ્હાલા પ્રેમી હરિભક્તો આ પવિત્ર અધિક પુરૂષોત્તમ માસ દર ત્રણ વર્ષે આવે છે. તેથી આ પ્રસંગના યજમાન બનવાનું સૌ કોઈને મન થાય અને તે માટે આપ વહેલાસર કોઠારમાં પોતાનું યજમાનપદ નોંધાવી અને નામ સરનામું વગેરે લખાવી જવું અને આ ઉત્સવ પ્રસંગમાં વિવિધ સેવાનો લાભ લેવા માટે પણ નામ લખાવવું.

નોંધ : તારીખ ૧૧-૬-૨૦૦૭ને જેઠ વદ-૧૧ના દિવસે સવારે ૮-૩૦ કલાકે સભા મંડપમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં સમૂહ મહાપૂજાનો દિવ્ય લાભ મળશે. જેનો લાભ લેવા માટે કોઠારમાં રૂ. ૧૨૫-૦૦ ભરી પાવતી મેળવી લેવી.

*લી.* મહંત સ્વામી

# સત્સંગ જીવનવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)


## ઉદ્યમ કરો, ફળ ભગવાન આપશે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આ જગતમાં જ્યાં નજર કરો ત્યાં કામ, કામ ને કામ. કીડીઓ પણ કામ કરે ને મકોડા પણ કામ કરે, માખીઓ પણ કામ કરે ને ભમરીઓ પણ કામ કરે, ચકલાં પણ કામ કરે ને ઉંદરડા પણ કામ કરે, માણસો પણ કામ કરે. નાના જીવડાથી લઈને મોટા હાથી સુધીના દરેક પોતાના જીવન નિર્વાહ માટે કાંઈને કાંઈ ઉદ્યમ તો કરે જ છે, અથવા કરવો પડે છે.

માટે જ સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં કહ્યું છે કે - "પુરૂષ પ્રયત્નહિન હોય તેના ઉપર તો ભગવાનની કૃપા પણ થતી નથી." માટે ઉદ્યમ તો દરેકે કરવો જ જોઈએ. પરંતુ એમાં થોડોક સુધારો શિક્ષાપત્રીમાં પ્રભુએ સૂચવ્યો.

**"यथा शक्त्युद्यमः कार्यो**
**निज्वर्णाश्रमोचितः ॥"**

"અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો."

માટે ઉદ્યમ કરવામાં વિવેક સ્વામિનારાયણ ભગવાને શિખવાડ્યો છે. તે એ જ કે કોઈ બીજાનું જોઈને દેખાદેખીથી કે અનુભવ શક્તિ સામર્થ્યનો વિચાર કર્યા વગર ઉદ્યમમાં ઝંપલાવે તેને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે.

આપણી ગુજરાતી જુની પાઠમાળામાં એક પાઠ આવતો. અત્યારે ખબર નહીં છે, કે નહીં. આ પાઠ પહેલાં આવતો. ખોરાકની શોધમાં ચારેય બાજુ કાગડો ફર્યો, બિચારો બહુ હેરાન થઈ ગયો. ક્યાંય કશું જ ના જડ્યું અરે ! તને તો બધા દૂધ-પાક-પુરી જમાડે છે ને ! ના.... ના.... પંદર દહાડા ! બાકી ત્રણસોને પિસ્તાલીસ દિવસતો ખોરાકની શોધમાં ચારેય બાજુ ઉડાઉડ જ કરવાનું.

ત્યાં તો તેની નજરે એક તાજો-માજો બગલો દેખાયો. તગડા બગલાને જોઈને કાગડાએ પૂછયું, અલ્યા ! તારે ખોરાકનું શું ? બગલો કહેવા લાગ્યો - આ મોટું તળાવ છે તેમાં પાર વગરનાં માછલાં ને દેડકાં છે, મારે તો શાંતિથી ઉભા જ રહેવાનું. તારી જેમ ઉડાઉડ નહીં કરવાનું કાગડા જલ્દી કોઈનો વિશ્વાસ ન કરે. તે તળાવની પાળે બેઠો અને બગલાની કાર્ય પ્રણાલી નજરે જોઈ. અરે... આ બગલાને તો જલસા છે. તે ઉભો હોય ત્યાં માછલું આવે, દેડકું આવે એક ઝાપટમાં તો પુરું અને હું તો ઉડી.... ઉડીને મારૂં કેટલું પેટ્રોલ બાળું છું. વીસ-પચીસ કિલોમીટર જેટલે દૂર જાઉં છું. અને છેક સાંજે પાછો આવું છું ત્યારે માંડ પેટ ભરાય છે. એનાં કરતાં ચાલોને આપણે પણ આ બગલાના ધંધામાં જ ઝંપલાવીએ ! એને પકડતાં આવડે છે ને મને નહી આવડે ! અને કાગડાએ તો નવા ધંધામાં બુદ્ધિનું રોકાણ કર્યું. તલાવને એક છેડે જઈને બેઠો. બગલાના પગ લાંબા એટલે તે તો પાણીમાં વચ્ચે ઉભો રહે પણ કાગડો શું કરે ! ઓછા પાણી અને કાદવવાળો એવો એક વિસ્તાર શોધીને કાગડો ત્યાં બેઠો. થોડી જ વારમાં ત્યાં કલબલ કલબલ કરતું એક માછલું આવ્યું. કાગડાએ ઉડીને ચાંચ પહોળી કરીને જ્યાં નીચે વળીને ઝપટ મારી ત્યાં તો માછલું છટકી ગયું. હાથમાં તો કાંઈ ન આવ્યું પણ માથું કાદવમાં ફસાઈ ગયું. ચાંચ અને પગ હવામાં અધ્ધર રહી ગયા. નીકળવા માટે પાંખો ફફડાવે.... તરફડીયા મારે.

કપડાં ધોતા એક ધોબીએ આ દ્રશ્ય જોયું અને તેનાથી ના રહેવાયું. એટલે તેણે કાગડાને ભલામણ કરી ...

**"करता हो सो किजीअे,**
**और न किजीअे कग,**
**माथुं रे शेवाणमे,**
**उंचा रे बे पग."**

એટલે દરેક જણે પોતના અનુભવ અને પોતાની શક્તિ મુજબ કામ કરવું જોઈએ. બીજાનું જોઈને ક્યાંય ઝપટ મારવા ગયા તો ચાંચ કાદવમાં અને પગ અધ્ધર રહી જાય. એટલે આ લોકનાં સુખ અને સેવા, સમર્પણની સિધ્ધિ અર્થે વિચારપૂર્વક ઉદ્યમતો કરવો અને દૃઢ નિશ્ચય રાખવો કે મારા ઈષ્ટદેવ મને ઉદ્યમનું ફળ આપશે જ. કારણ કે ઉદ્યમ કરવો આપણા હાથમાં છે અને ફળ આપવું પ્રભુના હાથમાં છે.

●

## સંપત્તિનો સદ્ ઉપયોગ કરવો

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

બે મિત્રો હતા. બંને મિત્રોમાં એક શૂરવીર ક્ષત્રિય હતો અને બીજો પવિત્ર

બ્રાહ્મણ. આ બંને મિત્રો એક દિવસ જંગલમાં ફરવા ગયા. ત્યાં જંગલમાં એક નદી કિનારે એક તપસ્વીને જોયાં. પવિત્ર બ્રાહ્મણે કહ્યું, "જો મિત્ર ! ત્યાં કોઈ મહાત્માજી બેઠા છે. અરે તું તો રખડતા બાવાને પણ મહાત્મા જ માને છે. ના ના આવી રીતે નદી કિનારે આમ તપ કરનાર કોઈ સામાન્ય બાવો ન હોય. તું જોતો ખરો તેમના વસ્ત્ર કેવા સ્વચ્છ ને પવિત્ર છે. નહિતર બાવો હોય કે અઘોરી હોય તેના તો કપડાં પણ ખરાબ હોય અને તેનો ચહેરો પણ મલિન હોય. ત્યારે આમની મુખાકૃતિ પરથી તેજ છૂટે છે. હવે હશે ! તું બ્રાહ્મણ છે. માટે તને સારી સમજ પડે પણ આપણે શું? ચાલ આગળ જંગલમાં ફરવા જઈએ. ના.... ના ચાલ ને એ મહાત્માજી પાસે. પણ ત્યાં જઈને આપણે કરીશું શું ? અરે મહાત્મા પુરૂષો તો ત્રિકાળજ્ઞાની હોય છે. આપણા ભાગ્યનું બધું જ કહી દેતા હોય છે. હાથની રેખાઓ પરથી ભવિષ્યનું ભાગ્ય નક્કી કરી દેતા હોય છે. અરે શું વાત કરે છે. હાસ તો, તો તો ચાલ. આ બન્ને મિત્રો આ મહાત્મા પાસે જઈ નમસ્કાર કરે છે. મહાત્માજીએ પોતાના નેત્રો ખોલી પોતાનો જમણો હાથ ઉંચો કરી "कल्याण मस्तु" કહી આશીર્વાદ આપ્યા. ત્યારબાદ આ શૂરવીર ક્ષત્રિય પોતાના ભાગ્યમાં શું છે તેના વિશે પૂછવા લાગે છે. ત્યારે મહાત્માજીએ તેના જમણા હાથની રેખાઓ જોઈ કહ્યું, "तुमे धन की प्राप्ति होगी और उस धन के सद्उपयोग से तुं राजा बनेगा ।" આ ક્ષત્રિય તો ખૂબ ખુશ થઈ ગયો. અરે હું તો રાજા બનવાનો છું. રાજા વાહ ! મારા ભાગ્યમાં રાજા બનવાનું લખ્યું છે. પછી તો આ બ્રાહ્મણે પોતાનો હાથ મહાત્માજીને બતાવ્યો ત્યારે મહાત્માજી થોડા ઉંડા વિચારમાં ઉતરી ગયા. અને પછી કહ્યું "तेरा मृत्यु नजदिक है। तुम छे महिने के बाद मर जाओंगे ।" આ વાત સાંભળી બંને મિત્રો ઉદાસ થઈ ગયા. મહાત્માજી પાસે મૃત્યુથી બચવા ઉપાય પૂછ્યો ત્યારે મહાત્માજીએ કહ્યું "ईश्वर इच्छा" 'अगर भगवान की प्रसन्नता मिले तो संभव है वरना मृत्यु निश्चित है । मरना ही पडेगा ।' પછી તો બંને મિત્રો પોતાના ગામમાં જાય છે. ગામમાં માણસોને વાત કરે છે. અરે, હું તો રાજા થવાનો છું. શું વાત કરે છે ! હા, મને તો ધનની પ્રાપ્તિ થવાની છે અને તને, મને તો મૃત્યુનો ભય સતાવે છે. હવે મારે અત્યારેને અત્યારે જ આ ગામમાંથી મારી ધન સંપત્તિ વેચી તીર્થયાત્રા કરવા ચાલી નીકળવું છે. પવિત્ર બ્રાહ્મણ પોતાની સંપત્તિ વેચી અનેક તીર્થોમાં ફરવા લાગ્યો. દાન, પુણ્ય કરવા લાગ્યો. આ બાજું શૂરવીર ક્ષત્રિય જે રાજા બનવાનો છે. તેને બધા માન-સન્માન દેવા લાગ્યા. પછી તો બે-ત્રણ જણ આ ક્ષત્રિયની સાયદી કરવા લાગ્યા. અને તેમાંથી એક જણ આ ક્ષત્રિયને જુગારની રમતમાં જોડી દે છે. અરે તું તો રાજા જ થવાનો છે ને બે સોનામહોર હારીશ તોય તારે શું? બીજાએ તેને દારૂના નશામાં ચઢાવી દીધો. પણ એક દિવસ સવારે મહાત્માના વચન મુજબ તેના જ ઘરના આંગણામાં પોતાના ઘોડાને બાંધવા માટે થોડો ખાડો ખોદે છે ત્યારે એક સોનામહોરનો ભરેલો ઘડો મળે છે. આ ક્ષત્રિયને મહાત્માના વચન ભૂલાઈ જાય છે. તે ધનનો સદ્ઉપયોગ કરવાનું ભૂલી ગયો અને વ્યસન વિલાસમાં ધન ઉડાવવા લાગ્યો. અતિ વ્યસન, વિલાસથી ક્ષત્રિયનું આરોગ્ય બગડી જાય છે. વૈધોનું ઔષધ પણ નકામું થઈ જાય છે. હવે મૃત્યુ નજીક આવવા લાગ્યું. ત્યારે આ ક્ષત્રિય પોતાના મિત્રને તથા મહાત્માને ગાળો દેવા લાગે છે.

આ બાજુ છ માસ પૂર્ણ થતા પવિત્ર બ્રાહ્મણ પોતાના ગામ પાછો આવે છે. ભગવાનની કૃપાથી તેનું આયુષ્ય સો વર્ષનું થાય છે. પ્રવિત્ર બ્રાહ્મણ વિચારે છે કે મારો મિત્ર રાજા બની ગયો હશે. માટે મનેથોડી મદદ કરશે. પણ આ શું ? પોતાના મિત્રને પથારી વશ જોઈ અતિ દુઃખી થાય છે. અને પછી તે જંગલમાં જઈ મહાત્માને તેડી લાવે છે. મહાત્માજી આ ક્ષત્રિય પાસે આવીને બધી જ પરિસ્થિતિ સમજી જાય છે. મહાત્માજી કહે છે. तेरे करम में राजा ही होना लिखा था । किन्तु तुने अपने धन का सद्उपयोग न करने के कारण और नशा-जुगार खेलने से तुमारा ये हाल हुआ है । ત્યારે આ મિત્રને પોતાની ભૂલ સમજાણી. વાત સાચી છે. આમાં મહાત્માજીનો કે મારા મિત્રનો કોઈ વાંક નથી. હું અવળે રસ્તે ગયો તેથી જ મારા જીવનની અને સંપત્તિની બરબાદી થઈ. પરંતુ હવે તો પસ્તાવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

મિત્રો ! કેવી અદ્ભુત આ વાત છે. આપણા ઈષ્ટદેવશ્રી સ્વામિનારાયણ ભગવાન પણ કહે છે કે "ગમે તેવા સારાં કર્મ કર્યા હોય પણ ભગવાનને ભગવાનનાં સંતને દૂભવે તો તેના શુભ કર્મનો નાશ થાય છે." રાજા થવાનું લખ્યું હોય તો રંક થઈ જાય વાર ન લાગે. અને ગમે તેવા ભૂંડા કર્મ કર્યા હોય પણ ભગવાન અને ભગવાનના સંતને રાજી કરે તો તેનાં ભૂંડા કર્મનો નાશ થઈ જાય

*(અનુ. પેઈજ નં. ૨૧ પર)*

# ।। ભક્તિસુધા ।।

## જતુબાઈની જીવન-અભિલાષા

- તરલાબેન પોથીવાલા

મહેસાણા જીલ્લાના કડી તાલુકાનું ડાંગરવા ગામ શ્રીજી મહારાજના પવિત્ર ચરણોથી અનેકવાર પાવન બન્યું છે.

જતનબાઈ, જ્ઞાનબાઈ, જીતુબાઈ, યમુનાબાઈ આદિક સ્ત્રી હરિભક્તોના સ્નેહને વશ થઈ પરમાત્મા શ્રીહરિ ડાંગરવા વારંવાર પધારતા.

કોઈ એક સમયે શ્રીહરિ લાંઘણજ ગામથી ડાંગરવામાં ભક્ત વેણીદાસના ઘરે પધાર્યા. વેણીદાસભાઈના ઘરે શ્રીમુકુંદવર્ણીએ સુંદર થાળ તૈયાર કર્યો તે થાળ જમીને શ્રીહરિ બીજે દિવસે ક્ષત્રિયાણી જતુબાઈ નામના ભક્તને ઘેર જવા તૈયાર થયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જયનાદોના અવાજ તથા વાજિંત્રોના શબ્દોને સાંભળતા થકા વેણીદાસના ઘેરથી બહાર નિકળ્યા. શ્રીજી મહારાજ માણકી ઘોડી ઉપર વિરાજમાન થયેલા. સુંદર સોનેરી વસ્ત્રો તથા માથે સોનેરી મુગટ શોભતો હતો. મહારાજનાં આવા અલૌકિક રૂપનાં દર્શન કરવા માર્ગમાં ગ્રામજનો ખૂબ હર્ષપૂર્વક વિંટળાયા અને અબીલ, ગુલાલ, અક્ષતથી બહેનો શ્રીહરિને વધાવવા લાગી.

આખોય માર્ગ શ્રીહરિની શોભાયાત્રાથી અલંકૃત બની ગયેલો. અનેક જનોને પોતાનાં દર્શન થકી સંતૃપ્ત કરતા થકા શ્રીહરિ પરમાત્મા જતુબાઈના ઘરે પધાર્યા.

જતુબાઈ તથા એમનાં ચાર પુત્રો અમરોજી વિગેરે ખૂબ હર્ષઘેલા બની ગયા. ક્ષત્રિય કુટુંબ હતું. ખાધેપીધે ભલે સામાન્ય હતું પરંતુ શ્રીજી મહારાજની સર્વોપરિ ઉપાસના અને સત્સંગ પરત્વે શુરવીરતાના અંગમાં અત્યંત અમીર હતું !

જતુબાએ પ્રેમપૂર્વક શ્રીહરિને સુંદર આસન ઉપર વિરાજમાન કર્યા. બ્રાહ્મણ દ્વારા તૈયાર કરાવેલો સુંદર મજાનો થાળ શ્રીહરિ સન્મુખ ધરાવ્યો. પરમાત્મા શ્રીહરિ પ્રેમપૂર્વક બાઈનો થાળ જમ્યા અને પ્રસાદી એમને તથા એમના પુત્રોને આપી. બાઈનાં પુત્રોએ ખૂબ પ્રેમથી શ્રીહરિને એક સુંદર જાતવાન ઘોડી અર્પણ કરી. આજે જતુભાઈ ખૂબ પુલકિત બન્યાં હતાં. વર્ષોથી એક જીવન અભિલાષા હતી કે "પ્રાણ જીવન શ્રીહરિ મારા આંગણે પધારે". આજે એ અભિલાષા શ્રીહરિએ પૂર્ણ કરી હતી.

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિને બાઈએ આજે અત્યંત નજીકથી નીરખ્યાં તથા ભાવપૂર્વક ભોજન જમાડ્યા.

મહારાજે ચળુ કરી મુખવાસ લીધો. ત્યારબાદ જતુબા પરમકૃપાળુ પરમાત્મા શ્રીહરિની પ્રાર્થના કરતા કહેવા લાગ્યાં કે,

"હે પ્રભો ! તમે આજે મારા જેવી ગરીબને ઘેર પધારી મારું ઘર પવિત્ર કર્યું તે બહું સારું કર્યું છે. હે ધર્મનંદન શ્રીહરિ ! હું તો આપનીજ છું. એમ જાણું છું તે સિવાય બીજું કાંઈ પણ જાણતી નથી. તેથી હે ભગવન ! મારો દેહાંત સમય જ્યારે થાય ત્યારે તમો આવાને આવાં જ સ્વરૂપે મને દર્શન આપી તેડવા આવજો અને અંત સમયે મને તમારા દિવ્ય ધામનું અવર્ણનીય સુખ પ્રાપ્ત થાય એટલી કૃપા અવશ્ય કરજો."

મહારાજ જતુબાઈની અકિંચન યાચના ભરી પ્રાર્થનાથી અત્યંત પ્રસન્ન બન્યા અને 'તથાસ્તુ' કહ્યું. એમના ચારેય પુત્રોને પાસે બોલાવી પોતાનાં ચરણારવિંદ ભેટ આપ્યા તથા આશીર્વાદ આપ્યા.

પછી શ્રીજી મહારાજ ત્યાંથી ઉઠી ત્યાં પાસે આવેલા લીંબડાના વૃક્ષ નીચે વિરાજમાન થયા. ઘડીક વિશ્રામ કરી પાર્ષદો તથા હરિભક્તોથી વિંટળાયા થકા શ્રીહરિ ત્યાંથી નીકળી યમુનાબાઈ નામના બીજા ભક્તના ઘેર રાત્રિ નિવાસ કરવા માટે વિદાય થયા.

બાઈ આંગણામાં ઉભી ઉભી શ્રીહરિનાં અદ્‌ભુત, ઐશ્વર્યશાળી, અનુપમ સ્વરૂપને એકીટશે નીરખી રહી હતી. મહારાજ જ્યારે આંખોથી ઓજલ થયા ત્યારે આંખોમાંથી અશ્રુબિંદુઓ વહેવા લાગ્યાં. "મહારાજે આજે મને અનંતઘણું સુખ આપ્યું અને મારી જીવન અભિલાષા પરિપૂર્ણ કરી." આ આનંદની અવધિ અશ્રુરૂપે વહી રહી હતી.

●

## બાઈનો સંકલ્પ સિધ્ધ કર્યો

- શેઠ હંસાબેન નગીનભાઈ (બાવળા)

ગાંફના હરિભક્ત વસ્તો રાવળ ઘરભંગ થયા. એટલે તેની સાળી ઘરનું કામકાજ કરતી. એક દિવસ વસ્તો

રાવળ ૮૦/- રૂપિયામાં પોતાની ભેંસ વેચી ઘેર આવ્યો અને પોતાની સાળીને કહ્યું આપણી ભેંસ રૂા. ૮૦/- માં વેચી દીધી. બાઈ બોલી ભેંસ શા માટે વેચી ? એ ભેંસના દૂધનો દૂધપાક બનાવી એક વખત મારે મહારાજને જમાડવા હતા એવો મેં સંકલ્પ કર્યો હતો અને એટલા માટે તો તમારા ઘરનું કામકાજ કરતી હતી. હવે હું તમારા ઘરનું કામકાજ નહીં કરું.

વસ્તા રાવળે કહ્યું આજનું દૂધ છે તેનો દૂધપાક બનાવી તેનો થાળ કરીને મૂર્તિને ધરાવો એટલે મહારાજ જરૂર જમશે. મહારાજ ઘણી વખત કહેતા હતાં કે અતિશય પ્રેમથી અમોને જમાડશો તો અમો મૂર્તિ દ્વારા પણ દિવ્ય રૂપે પ્રત્યક્ષ આવીને જમીએ છીએ.

આ વાત સાંભળી બાઈએ થાળની તૈયારી કરવા માંડી અને વસ્તો રાવળ બજારમાં સાકર લેવા ગયો. ત્યાં દુકાન સન્મુખ બેસીને સાકર ખાંડતા હતાં ત્યારે દિવ્ય રૂપે મહારાજ પાંચ સવારો સાથે આવ્યા. અને વસ્તા રાવળને સાદ કર્યો. અને વસ્તાએ પાછળ વળી જોયું તો મહારાજને દીઠા ! એટલે મહારાજને પૂછ્યું તમો અત્યારે ક્યાંથી ? ત્યારે મહારાજ તેની સાથે તેના ઘરે આવ્યા અને બાઈને સાદ કરી કહ્યું, મહારાજ પધાર્યા છે થાળ તૈયાર કરો. ત્યાં તો મહારાજ ઘરમાં આવી બોલ્યા શું કરો છો ? બાઈએ કહ્યું તમારા માટે થાળ તૈયાર કરું છું. મહારાજે કહ્યું. અમને ખૂબજ ભૂખ લાગી છે. માટે થાળ જલ્દી તૈયાર કરો. થાળ તૈયાર થયો એટલે જમવા પધાર્યા. બાઈએ અતિ હેતથી મહારાજને જમાડ્યા. જમીને મુખવાસ લઈ ગાદી ઉપર બિરાજમાન થયા. તેમની સાથે આવેલા સવારો પણ જમવા બેઠા. જમી રહ્યા એટલે મહારાજ સવારો સાથે વિદાય થયા. અને ગામની ભાગોળે જઈ અદ્રશ્ય થયા. બાઈનો સંકલ્પ સિધ્ધ કરી વસ્તા રાવળને રાજી કર્યા.

●

## વખતબાની શૂરવીરતા

– રેખાબેન પટેલ (ઉંઝા)

સ્વામિનારાયણ ભગવાન એક વખત અમદાવાદ પધારેલા ત્યાં ખોખરા (મહેમદાવાદ)માં નથુ ભક્તને ઘરે પ્રભુ વિરાજમાન હતા. ત્યાં પ્રભુને મારવા માટે અસુરોનું ટોળું હથિયાર સાથે આવ્યું અને ભયંકર લડાઈ ચાલું થઈ અને લડાઈમાં ભગવાનની ઈચ્છાથી ધરતીના ભાર રૂપ ઘણા અસુરોનો નાશ થઈ ગયો. આ કાર્ય પૂર્ણ કરીને પ્રભુ ત્યાંથી વહેલાલ પધાર્યા. વહેલાલમાં જેસીંગભાઈ પટેલ અમીન પાટીદાર ખૂબ શૂરવીર ભક્ત હતા. સ્વામિનારાયણ ભગવાન એમના ઘેર પધાર્યા ત્યારે પટેલ પોતે ઘરમાં નહતા. મહારાજ કહે ઘરમાં કોઈ નથી ? ત્યારે તેમના બહેન વખતબાએ કહ્યું પ્રભુ ! ભાઈ ખેતરમાં ગયા છે. પ્રભુ કહે અમને પકડવા અમારી પાછળ લશ્કર આવ્યું છે ? મહારાજ આપ ઘરમાં બિરાજો હું ગામની બહાર જાઉં છું. હું જોઉં છું આ ગામમાં કોણ પગ મૂકે છે જુઓ તો ખરા બહેનની કેટલી શૂરવીરતા !

માણકી ઘોડી ઘરમાં સંતાડીને મહારાજ એક ઓરડામાં બિરાજ્યા અને વખતબા સાડલાનો છેડો બરાબર ખોસી સાંબેલું લઈને ગામમાં નીકળી પડ્યા. ગામની ભાગોળે કોઈ આવે તો ખરા હું જોઈ લઈશ, એક એકના માથા ભાંગી નાંખુ. એવી રીતે સજ્જ થઈને ગામની ભાગોળે ઉભા હતા ત્યાંજ જેસીંગભાઈ આવ્યા, અને જોતાવેત બોલ્યા બહેન આ શું ? કેમ આવી રીતે ! અરે મહારાજને પકડવા લશ્કર આવે છે. ના, ના કોઈ નથી આવતું. હું એક ગાઉંથી તો આવુ છું. કોઈ નથી. તેમ જાણીને ભાઈની સાથે બહેન ઘેર પાછા આવ્યા.

ઘરે આવીને જેસીંગભાઈએ મહારાજને પૂછ્યું શું છે આ બધું ? કોનું લશ્કર આવે છે ? તમે જો આજ્ઞા કરતા હોતો આપની કૃપાથી દસ હજાર હથિયાર ધારી લડવા માટે તૈયાર છે. ત્યારે શ્રીજી મહારાજ હસ્યાને બોલ્યા કે જેસીંગભાઈ કોઈ આવતું નથી. આ તો તમારી કસોટી કરી. આવા શૂરવીર વખતબા હતા. ભગવાનની ભક્તિ કરવી હોય, ભગવાનને રાખવા હોય તો ઢીલા પોચાનું કામ નથી.

હરિનો મારગ છે શૂરાનો
નહીં કાયરનું કામ જોને

આવી અનેક વહેલાલ ગામમાં શ્રીહરિએ લીલા કરી છે. ઘરોઘર થાળ જમ્યા હતા અને મોટા મોટા સંતોને દીક્ષા આપી હતી અને તળાવની પાળે દિવ્ય સભા કરી હતી ત્યારે આખું ગામ આવ્યું હતું. પછી જેસીંગભાઈના માઢ ઉપર નીકળે તેનું પણ કલ્યાણ અને માઢ નીચે નીકળે તેનું પણ કલ્યાણ કરીશું. આવું સ્વામિનારાયણ ભગવાને વરદાન આપ્યું છે. આજે પણ હજારો હરિભક્તો વહેલાલ દર્શન કરીને માઢ નીચે પસાર થઈ કલ્યાણનું ભાથું બાંધે છે. આ બધું મૂળ સંપ્રદાયમાં જ જોવા મળે અન્યથા તો જીવનું બગડે. તેજ સમજવું જરૂરી છે.

●

## શ્રીજી મહારાજની કૃપા

- કંચનબેન રણછોડભાઈ પટેલ

જામનગર શહેરના ઝવેરબા સ્વામિનારાયણ સંપ્રદાયના રંગે રંગાયેલા મહાન મુક્ત હતા. તેમણે યુવાન વયમાં જ છેડાવ્રતનું નિયમ લીધેલું. સમય જતાં તેમને આંખે ઝામરવા થયો હતો. આંખે દેખાતું ન હતું. ડોકટરને તેમણે આંખ બતાવી અને તાત્કાલિક ઓપરેશન કરવાનું કહ્યું. ઝવેરબાએ જામનગર મંદિરમાં ઘનશ્યામ મહારાજની અંતરથી પ્રાર્થના કરી કે હે મહારાજ, મારે છેડાવ્રતનો નિયમ-ધર્મ સચવાય તેવી કૃપા કરજો. ભક્ત વત્સલ ભગવાન તેમની ગદ્‌ગદ્‌ પ્રાર્થનાથી સ્ત્રીનું રૂપ લઈને ઝવેરબાઈની સાથે જામનગરનાં મંદિરમાં પ્રદક્ષિણા ફરે છે અને તુલસીના પાનમાંથી બનાવેલી નિર્દોષ દવાના ટીંપા આંખમાં નાખે છે. આંખમાં ખૂબ બળતરા થાય છે. પણ સ્ત્રી રૂપે આવેલા મહારાજે માથે હાથ મૂકી થોડી ધીરજ આપી અને ધીરે ધીરે બળતરા ઓછી થઈ. આંખો ખોલી અને બંને આંખે દેખાવા લાગ્યું. ત્યાં આસપાસ નજર કરી તો કોઈ બાઈ હતા જ નહીં. ઝવેરબાને ખાત્રી થઈ કે મારા વહાલા ઘનશ્યામ મહારાજે સ્ત્રીનું રૂપ લઈ મને દેખતી કરી છે. તરત ઘનશ્યામ મહારાજની મૂર્તિ સામે જઈ ગદ્‌ગદ્‌ ભાવે પંચાંગ પ્રણામ કરી હર્ષાશ્રુ ભાવે દર્શન કરી પ્રાર્થના કરી, હે કરુણા સાગર ! તારી કરુણાનો કોઈ પાર નથી. ત્યારબાદ ડોકટરને આ વાતની ખબર પડતા તેમને આશ્ચર્ય થયું કે સારવાર કે ઓપરેશન વગર ઝામર દૂર થયું અને નિસ્તેજ બનેલી આંખ પાછી આવી એ તો ખરેખર ચમત્કાર જ છે. શ્રીજી મહારાજની કૃપા અને સત્ય ઘટનાના આ પરચાની વાત સંપ્રદાયમાં ચિરઃસ્મરણીય રહે તે માટે કવિરાજ માવદાનજીભાઈ સુંદર કીર્તન બનાવ્યું છે -

**"આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી,**
**સ્વામિનારાયણ સત્ય છે."**

ઝવેરબાનો બીજો પ્રસંગ પણ જાણવા જેવો છે. તેમને પગે વાનો સખત દુઃખાવો રહેતો હતો અને ગોઠણથી પગ વાળી શકાતો ન હોતો. મંદિરે પણ તેઓ જઈ શકતાં ન હતા. મનોમન ઘનશ્યામ મહારાજનું ધ્યાન ધરી લેતા. ઘેર બેઠા ભક્ત ચિંતામણીનો પાઠ અને લીલા ચરિત્રો સંભારી શ્રીજી મહારાજનું સ્મરણ કર્યા કરતા. ખરેખર ભક્ત ચિંતામણી એ ભક્તોને માટે ચિંતામણિ તુલ્ય છે. એવું ઝવેરબાના પ્રસંગમાં બન્યું. ભક્ત ચિંતામણી વાંચતા સહેજ આંખ મિંચાઈ અને થોડીવારે કોઈએ પગનો અંગુઠો પકડી હલાવ્યો હોય એવું લાગતા ઝબકી ગયાં. ફરી પાછું ઝોકું આવી ગયું અને બીજીવાર પણ ઉપર મુજબ અનુભવ થતાં ચારે બાજું જોયું. બીજાને પણ પૂછી જોયું પણ કોઈ આવ્યું નહોતુ. થોડીવાર બાદ ઉભા થયા તો જણાયું કે, પગનો કોઈ દુઃખાવો રહ્યો ન હતો. સારી રીતે ચાલી શકતા અને પગને વાળી શકતા હતા. તરત તેમને થયું કે ઘનશ્યામ મહારાજે આંખનું તેજ પાછું આપેલું એજ રીતે પગમાં પણ બળ આપ્યું. સર્વે કુટુંબીજનોને ભગવાન સ્વામિનારાયણ ના સામર્થ્યની અને ઝવેરબાની શ્રધ્ધાની વિશેષ ખાત્રી થઈ અને શ્રીહરિ કૃપાથી આ સત્ય ઘટનાની પરચાની વાત સારાય સંપ્રદાયમાં પ્રસરી ગઈ.

આજે કળિયુગમાં પણ ભગવાન શ્રધ્ધાળુ ભક્તોની પ્રાર્થના સાંભળે છે. સર્વોપરિ શ્રીનરનારાયણદેવની અડગ શ્રધ્ધા અને નિષ્ઠા તેમજ ગાદીને વફાદાર બનીને રહેલા એક સત્સંગી બહેનની અંતરની પ્રાર્થના સાંભળી ભગવાને તેમને ઓપરેશન થી બચાવી લીધાનો તાદૃશ દાખલો છે. એક સત્સંગી બહેનને પગે ખૂબજ પીડા હતી. ઘણાં ડોકટરોની દવા લીધી પણ કંઈ ફેર પડતો નહીં. પછી ડોકટરે સલાહ આપી કે ગમે તેટલી દવા લેશો તો પણ ફેર પડશે નહીં. ઓપરેશન જ કરવું પડશે. કંટાળેલા બહેને કુટુંબીજનોને જાણ કરી સૌના સૂચનથી ઓપેરશન કરાવવા તૈયાર થયા. બધા ટેસ્ટ કરી બહેનને ઓપરેશન થિયેટરમાં પણ લઈ જવામાં આવ્યા. અંદર લઈ ગયા પછી બહેન શ્રીનરનારાયણદેવને પ્રાર્થના કરતા હતા કે હે મહારાજ ! મારું ઓપરેશન બંધ રહે અને ડોકટરને બીજો કંઈ ઉપાય સુઝે એવી કૃપા કરજો. ભક્તવત્સલ ભગવાન ભક્તોની કેવી સહાય કરે છે. તે જુઓ ! ડોકટરને અચાનક એવું સૂઝ્યું કે આપણે ઓપરેશન કરવાનું બંધ રાખીએ અને ઈંજેકશન આપી જોઈએ. કદાચ દુઃખાવો ઓછો થઈ જાય તો ઓપરેશનથી બચી જવાય. એ જ ક્ષણે ડોકટરે તેમના કુટુંબીજનોને જાણ કરી કે ઓપરેશન બંધ રાખી ઈંજેકશન આપવાનો નિર્ણય લીધો છે. ઓપરેશન થિયેટરમાં સૂતેલા બહેનને પણ જાણ કરી અને ઓપરેશનને બદલે ઈંજેકશન આપ્યું. થોડીવારમાં બહેનને દુઃખાવો ઓછો થઈ ગયો અને મંદિર સુધી ચાલીને જવા લાગ્યા.

શ્રીજીમહારાજની કૃપાથી તેમને કેનેડા-અમેરિકાના વિઝા મળ્યા અને પાંચ મહિના ત્યાં ફરીને સુખરૂપ ઘેર આવી ગયા પણ પગની કોઈપણ જાતની તકલીફ પડી ન હતી.

મહેનતથી જે નથી મળતું તે શ્રીજી મહારાજની કૃપાથી મળે છે અને કાર્યથી જે નથી મળતું તે શ્રીજી મહારાજની કૃપાથી મળે છે. આપણાં મોટા આચાર્ય મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે 'ષષ્ઠીપૂર્તિ' મહોત્સવ પ્રસંગે "વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ" એ પુસ્તિકા આપણને ભેટ આપી છે. તેનો નિત્ય પ્રત્યે પાઠ કરવાથી આપણામાં શ્રીનરનારાયણ દેવનું બળ આવશે અને તેમનો મહિમા સમજાશે તેમજ શ્રધ્ધા દૃઢતા વધશે કારણ કે આ બધું સનાતન છે.

●

## રૂડા લાગો છો રાજેન્દ્ર

- રમાબેન સોની (લીંબડી)

સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન જ્યારે ગામડાઓમાં વિચરણ કરતા ત્યારે અનેક ભક્તોને ચરિત્રોના દર્શન કરાવતા. એક વખત શ્રીજી મહારાજ એક નાનકડા ગામડામાં પધાર્યા, તે ગામમાં એક બ્રાહ્મણ પુતળીબાઈ રહેતા હતાં. તેને ઘેર મહારાજ ખીચડી જમવા પધાર્યા - બાઈએ પાટલા ઉપર બેસારી ખીચડીને દૂધ પીરસ્યું. પછી મહારાજ જમતાં-જમતાં મનુષ્ય ચરિત્ર કરવા લાગ્યા. થોડી ખીચડી જમણી બાજુ કાઢે ને થોડીક ખીચડી ડાબી કોરે કાઢી નાંખે. તે જોઈ ડોશીમાં બોલ્યા કે મહારાજ તમને ભક્તિમાએ ખીચડી ખવડાવતા નથી શીખવાડ્યું ? તમને જમતા આવડતું નથી કે શું ? તો આવી ખીચડી જમતા નથી આવડતું તો કલ્યાણ શી રીતે કરશો ?

પછી શ્રીજી મહારાજ કહે પુતળીબાઈ કલ્યાણ તો હું આમ કરૂં.... એમ કહીને મહારાજે હાથની ચપટી વગાડી તે ભેળી પુતળી ડોશીને સમાધિ થઈ અને અક્ષરધામમાં ગયા અને ત્યાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજને બેઠેલા જોયા. પછી મહારાજ કહે પુતળી હું કલ્યાણ કરૂં એવો ખરો કે નહિ ? પુતળીબાઈ મસ્ત બની ગાવા લાગ્યાં.

રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે ..... રૂડા....

મહારાજના દિવ્ય દર્શનથી મૂર્તિનું વર્ણન કરવા લાગ્યા. અને કહેવા લાગ્યા મહારાજ મારૂં તો શું પણ અનેક જીવના કલ્યાણ કરો એવા ઠાકોરજી તમે છો ! પછી ડોશી સમાધિમાંથી બહાર આવીને જુએ છે તો ત્યાં મહારાજને ખીચડી જમતા જોયા. પછી પુતળીબાઈ મહારાજના ચરણમાં પડીને પગે લાગી. આવા મહારાજ અને તેમના વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. અ.સૌ. બન્ને ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞામાં વર્તીશું તો જીવનું કલ્યાણ સહેજે થવાનું છે.

*અનુ. પેઈજ ૧૭ નું ચાલુ...*


## સત્સંગ બાલવાટિકા

છે. નસીબમાં માગી ખાવાનું લખ્યું હોય તો પણ રાજા બની શકે. માર્કન્ડેય ઋષિનું ખૂબજ ટૂંકુ આયુષ્ય હતું પરંતુ તેમણે મહાત્મા પુરૂષોને રાજી કર્યા તેમના આશીર્વાદ મેળવ્યા તો ચિરંજીવી બની ગયા. માટે પેલા ક્ષત્રિય મિત્રની જેમ જે વ્યસનમાં ભોગ-વિલાસમાં ઉતરે છે. તેનો વિનાશ થાય છે. તેની સંપત્તિ અને શરીર બંનેનો નાશ થાય છે. માટે જ તો સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે "द्युतादि व्यसन त्याज्यं" જુગાર આદિક વ્યસનોનો સર્વથા ત્યાગ કરવો. જો આટલું શીખીશું અને ભગવાનની ભક્તિ, સેવા, સત્સંગ પરોપકાર કરીશું તો બ્રાહ્મણ મિત્રની જેમ ભગવાનને સંતની કૃપાથી સુખી થઈશું.

## કોઈ કિંમત ના !

હરિ - સ્મરણ વિના હૈયું જેનું,
એ જન્મની કોઈ કિંમત ના;
જે રાજીપો પામ્યો નહિ શ્રીહરિ હાથે,
એ હરિભક્તની કોઈ કિંમત ના; ..... ટેક
ભલે પાઠ - પૂજા દિનરાત કરો,
પણ હરિ-સ્મરણ હૈયે ધરો;
જે ભક્તિ હૃદય ના ભીનું કરે,
એ ભક્તિ તણી કોઈ કિંમત ના; હરિ - સ્મરણ.....
અક્ષરધામનો એ પ્રવાસી હો,
પણ દેવ દર્શનનો ન પ્યાસો હો;
જે નયને ના દેવ દર્શન કરિયાં,
એ નૈના તણી કોઈ કિંમત ના, હરિ - સ્મરણ.....
કોઈ કરે ભલે કીર્તન મધુરાં,
હરિનામ વિના એ અધૂરા;
એ કર્કશ કંઠે શ્રમ જ કરે,
એ કંઠ તણી કોઈ કિંમત ના; હરિ - સ્મરણ.....

# ????????????????પ્રશ્નપેટી???????????????




***સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી***
***(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)***

**પ્રશ્ન : ૧** વચનામૃત પ્રમાણે બે પ્રકારની સમાધિ કહી છે. સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિ એટલે શું ?

**પ્રશ્ન : ૨** શાસ્ત્રમાં નવધા ભક્તિ કહેલ છે તે નવધા ભક્તિના કર્તના નામ જણાવો ?

**પ્રશ્ન : ૩** ભક્તજનનાં આમંત્રણને માન આપી શ્રીહરિ સર્વ પ્રથમ જેતલપુરમાં વિ. સંવત કઈ સાલમાં પધાર્યા હતા ?

**પ્રશ્ન : ૪** શ્રીજી મહારાજે ગોપાળયોગી પાસેથી અષ્ટાંગયોગ સાધેલા તે અષ્ટાંગ યોગના નામ જણાવો ?

**પ્રશ્ન : ૫** ધોળકામાં શ્રીહરિએ મોરલીમનોહરદેવની સ્થાપના કરી તે મોરલી મનોહર નામ સ્વામિનારાયણ ભગવાને કેવી રીતે પાડ્યું ?

**પ્રશ્ન : ૬** આ કડી ભક્તચિંતામણીના કેટલામાં પ્રકરણની છે ?

**પ્રશ્ન : ૭** "શ્રધ્ધાવાન લભતે જ્ઞાનમ્" ગીતાજીનાં કેટલામાં અધ્યાયનો શ્લોક છે ?

"મુનિ કહે જય મંગળ મુરતિ યદુપતિ ન મેલુ ઉરથી..... તમે છો કરૂણાનાં દરિયા દર્શન દઈ દુઃખ સંકટ હરિયા."

## ડિસેમ્બર-૨૦૦૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) સ.ગુ. મુક્તાનંદ સ્વામીના કુલ પ્રશ્નો (૯૧).

(૨) સ.ગુ. પ્રસાદાનંદ સ્વામી ગ.પ્ર.પ્ર. ૭૮ વચનામૃત, જેમ સંત કહે તેમજ સંશય રહિત થકો કરે એજ જીવને મોક્ષનો હેતુ છે.

(૩) કેશવ ભગવાનનું સ્મરણ કરવું.

(૪) સારંગપુરનું ૩ વચનામૃત અને મુક્તાનંદસ્વામીની વાત કરી છે.

(૫) ઋષી રૂપ ધરમં (નરનારાયણદેવનું અષ્ટક) સભવેત્સતતમ નારકી.

(૬) જેતલપુરધામમાં આવેલ સ્વામિનારાયણ સંસ્કૃત મહા વિદ્યાલયની સ્થાપના અમદાવાદ કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ સંવત ૧૮૮૨માં કરેલ. જેને કુલ વર્ષ ૧૮૧ થયા છે.

(૭) બ્રહ્માનંદ સ્વામી.

(૦૧) શ્રી અરવિંદાબેન ભાવસાર (ચાંદલોડીયા)
(૦૨) શ્રી સુભદ્રાબેન પટેલ (કનીપુર)
(૦૩) શ્રી શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
(૦૪) શ્રી કંચનબેન બાબુભાઈ
(૦૫) શ્રી નિલેશભાઈ શૈલેષભાઈ (રતનપર)
(૦૬) શ્રી અજય ઘનશ્યામભાઈ (નાંદોલ)
(૦૭) શ્રી કૈલાશબેન વિશ્ણુભાઈ (નાંદોલ)
(૦૮) શ્રી અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
(૦૯) શ્રી સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
(૧૦) શ્રી વિણાબેન ભાવસાર (નવરંગપુરા)
(૧૧) શ્રી ભગવાનદાસ વેલજીભાઈ સોની (મોરબી)
(૧૨) શ્રી ગોરધનભાઈ શંકરભાઈ પટેલ (સોજા)
(૧૩) શ્રી અમૃતલાલ મોદી (સોજા)
(૧૪) શ્રી માણેકબેન મણીલાલ,
શ્રી શિલ્પાબેન મણીલાલ (દહેગામ)
(૧૫) સાં.યો. ઉષાબા તથા શિલ્પાબા (સુરેન્દ્રનગર)

**નોંધ :** (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

(૨) "ભક્તિસુધા" શ્રી સ્વામિનારાયણ માસિકમાં સમાવિષ્ટ થયું છે. જેથી ભક્તિસુધામાં લેખ લખતા બહેનોએ શ્રીસ્વામિનારાયણ માસિક કાર્યાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અણદાવાદના સરનામે લેખ મોકલવા.

# સત્સંગ સમાચાર

## અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીનરનારાયણદેવનો ૧૮૫ મો પાટોત્સવ ઉજવાયો

સંપ્રદાયના સૌ પ્રથમ ભવ્ય શ્રીસ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે તા. ૨૦-૨-૨૦૦૭ના ફાગણ સુદ-૩ ત્રીજના સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો ૧૮૫ મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો.

પ્રાતઃ ૬-૩૦ કલાકે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભરતખંડના રાજાધિરાજ સર્વોપરિ શ્રી નરનારાયણાદિ દેવોને ષોડશોપચાર પૂર્વક મહાભિષેક વેદવિધિસર ધામધુમથી સંપન્ન થયો. હજારો શ્રધ્ધાળુ હરિભક્તોએ આ દિવ્ય દર્શન કરીને મોક્ષ ભાગી બન્યા.

આ પ્રસંગે પ્રાસંગિક સભામાં સભા સંચાલન સંભાળતા પૂ. મહંત સ્વામી શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ સર્વાવતારી શ્રીનરનારાયણદેવનું મહિમા માહાત્મ્ય ખૂબજ મનનીય અને રોચક ભાષામાં વર્ણવ્યુ હતું. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, વડતાલના સ.ગુ. સરજુ સ્વામી, મૂળીના કૃષ્ણવલ્લભદાસજી આદિ અનેક વિદ્વાન સંતોએ શ્રી નરનારાયણદેવના અનેક લીલા ચરિત્રો સાથે મહિમાનું વર્ણન કર્યું હતું. પાટોત્સવના યજમાન મેતપુરના પ.ભ. અ.નિ. સોમચંદભાઈ મગનભાઈ પટેલ તથા પ.ભ.અ.નિ. કાશીબેન સોમચંદભાઈ પટેલ તથા અ.નિ.પ.ભ. શંકલાલ પટેલના સ્મરણાર્થે પ.ભ. શંકરલાલ સોમચંદ પટેલ પરિવારના પ.ભ. ઘનશ્યામભાઈ, પ.ભ. અશોકભાઈ, પ.ભ. દિપકભાઈ અને તેમના પૌત્રો હરિકૃષ્ણ, નિલકંઠ, અભિષેક, મુનિરાજ, પ્રિતેશ અને રિકીન આદિ પરિવારના સભ્યોએ શ્રી નરનારાયણદેવનું પૂજન-અર્ચન અને બન્ને દેશના પીઠાધિશ્વરનું પૂજન, અર્ચન, આરતી કરીને આશીર્વાદ મેળવ્યા હતા.

વડતાલવાસી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ખૂબજ દિવ્ય અને અલૌકિક આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ બંને પૂ. મહારાજશ્રી અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા. અન્નકૂટ આરતીના દર્શનમાં પણ હજારો શ્રધ્ધાળુઓએ લાભ લઈ કૃત્ય કૃત્ય થયા હતા. આ પ્રસંગે દેશો દેશના સંતો અને હરિભક્તો માટે મંદિર તરફથી મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

*(કોઠારી ધર્મપ્રકાશ)*

## શ્રીનરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે પરંપરાગત પદયાત્રા

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાથમાં લઈ પધરાવેલા પોતાના જ સ્વરૂપ શ્રી નરનારાયણદેવના ૧૮૫ માં પાટોત્સવ પ્રસંગે જે તે સમયે સ્વયં આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રીનરનારાયણદેવના પ્રતિષ્ઠા પ્રસંગે કાંકરિયાના પડાવથી રાયપુર દરવાજાથી વાજતે ગાજતે સવારી સહિત મંદિર પધાર્યા હતા. તે દિવ્ય ઐતિહાસિક સ્મૃતિ તાજી કરવા તા. ૧૮-૨-૨૦૦૭ના રવિવારે સવારે ૬-૦૦ થી ૭-૦૦ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને સાથે હજારો સંત-હરિભક્તો હાથી-ઘોડા અને ઉંટની સુંદર દેદિપ્યમાન સવારી સાથે વાજતે ગાજતે રાયપુર દરવાજાથી સાંકડી શેરી, રતનપોળ થઈ અમદાવાદ મંદિર પધાર્યા હતા. આ પ્રસંગે પોળોમાં રહેતા ભાવિકોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું ઠેરઠેર અભૂતપૂર્વ સ્વાગત કર્યું હતું. ખરેખર આ પદયાત્રાથી ૧૮૫ વરસ પહેલાનું તાદ્રશ દર્શન થયું હતું.

*(જયેશ પટેલ)*

## શ્રીનરનારાયણદેવ તાબાના વાસણા તથા મોરબી મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂજય ધ્યાની સ્વામીની પ્રેરણાથી અમદાવાદના વાસણા અને મોરબીમાં ભવ્ય શિખર બધ્ધ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા તા. ૨૬-૧-૨૦૦૭ થી ૩૧-૧-૨૦૦૭ વાસણામાં અને તા. ૧-૨-૨૦૦૭ થી ૫-૨-૨૦૦૭ પર્યન્ત મોરબીમાં મૂર્તિ પ્રતિષ્ઠા ધામધુમથી સંપન્ન થઈ.

આ શુભ પ્રસંગે અમેરિકા, યુરોપ, આફ્રિકા અને યુ.એ.આઈ. થી અને દેશો-દેશથી હજારો હરિભક્તો સપરિવાર સમૈયામાં પધાર્યા હતા. ઉપરાંત અમદાવાદ, મૂળી, ભૂજ, જેતલપુર, ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર, પેથાપુર, બાવળા, ગાંધીનગર, ધોળકા અને મકનસર આદિ અનેક ધામોથી સંતો પધાર્યા હતા. સૌ એ ૮૪ વર્ષના પૂજય ધ્યાની સ્વામીની જૈફ વયે કરેલા આવા ભગીરથ પુરુષાર્થને બિરદાવ્યો હતો.

આ પ્રસંગે મહા વિષ્ણુયાગ, કથા પારાયણ અને શ્રીહરિના લીલા ચરિત્રોનું પ્રદર્શન આદિ કાર્યક્રમ યોજવામાં આવેલ.

બંને સ્થળોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ બંને ગાદીવાળાશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ દિવ્ય સાનિધ્યમાં ઉત્સવનો પ્રારંભ અને પૂર્ણાહુતિ ધામધુમથી સંપન્ન થઈ હતી.

શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ શાસ્ત્રી સ્વામી સત્સંગભૂષણદાસે કરાવ્યું હતું. મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં અમદાવાદ અને મોરબીમાં શોભાયાત્રાની દિવ્યતા-ભવ્યતાની કોઈ સીમા ન હતી. દોઢ કિલોમીટર લાંબી શોભાયાત્રામાં સુંદર શણગારેલ હાથી ઉપર શ્રીહરિને વિરાજમાન કરાયા હતા. ઉપરાંત એરોપ્લેન, કમળ અને ગરૂડજીના ફલોટસ શોભનીય-દર્શનીય હતા. શોભાયાત્રામાં બહેનો અને ભાઈઓની રાસ મંડળી, ભજન મંડળી, બેન્ડ તથા ટ્રક અને મોટર કારોનો જંગી કાફલો પણ જોડાયેલો હતો. પૂ. આચાર્ય મહારાજશ્રી સૌને દિવ્ય અલૌકિક દર્શન આપતા અભિવાદન ઝીલતા હતા.

આ પ્રસંગમાં ગુજરાત રાજયના નાણામંત્રી વજુભાઈ વાળા, શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડસમા, ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષશ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા, આરોગ્ય મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટ, ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ તથા અનેક ધાર્મિક અને રાજકિય મહાનુભાવોએ ઉપસ્થિત રહીને પ.પૂ.ધ.ધુ.

આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં સદૈવ વર્તતા આવા ભવ્ય મંદિરોના નિર્માણ કર્તા પૂજ્ય ધ્યાની સ્વામીના આવા ભગીરથ પુરૂષાર્થ અને તેઓશ્રીની માનવ કલ્યાણ પ્રવૃત્તિને બિરદાવી હતી. આ બંને સ્થળના દસ દિવસના સમૈયામાં લાખો ધર્મપ્રેમીઓએ ભોજન પ્રસાદ અને કથા પારાયણ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના દર્શન આશીર્વાદનું સુખ માણ્યું હતું. પૂજ્ય ધ્યાની સ્વામીના આયોજનમાં એક રતી પણ ક્ષતિ જોવા ન મળે તેવું અદ્‌ભુત આયોજન દાદ માંગી લે તેવું હતું.

વાસણા મહોત્સવમાં ઉદ્યોગકારશ્રી નિલેશભાઈ એસ. ભટ્ટની રાહબરી હેઠળ હિમાલય પ્રદર્શનનું આગવુ આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય ધ્યાની સ્વામીએ આ શુભ પ્રસંગે જણાવ્યું કે "હું તો એક નાનો સાધુ છું. આ બધો જ પ્રતાપ તો શ્રી સ્વામિનારાયણ ભગવાનનો તથા પૂ. આચાર્ય મહારાજશ્રીનો છે. આ જગતમાં બધા ભગવાનના બાળકો છે અને ભગવાનના બાળકોની સેવા કરવી તેને મારો ધર્મ સમજુ છું. એમ સુંદર વાત કરી હતી.

*(પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ)*

### ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય સત્સંગ સભા

ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી મોરલી મનોહરદેવના દિવ્ય સાનિધ્યમાં અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં તા. ૧૭-૨-૦૭ના રોજ ભવ્ય સત્સંગ સભા અને ધોળકા મંદિરના તાબાના ગાંધીવાડા મંદિરમાં કળશ સ્થાપન વગેરે કાર્યક્રમ ધામધુમથી સંપન્ન થયા.

પ્રથમ ધોળકા મંદિરમાં સ.ગુ. મહંત સ્વામી જગતપ્રકાશદાસજી અને સ.ગુ. મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીના માર્ગ દર્શન અને પ્રેરણાથી ધોળકા શહેર અને ધોળકા દેશના ગામોના અંદાજે ૨૦૦૦ જેટલા હરિભક્તો સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યા હતા. મંદિરના દિવ્ય સભા મંડપમાં શ્રીહરિના અપરસ્વરૂપ પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ સભા સંચાલન સંભાળ્યુ હતું. પૂજ્ય મહંત સ્વામી જગતપ્રકાશદાસજી, મૂળીના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી જ્ઞાનવલ્લભદાસજી, અયોધ્યા-દિલ્હી મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી. આદિ અનેક વિદ્વાન સંતો અને હરિભક્તોએ આજના પ્રસંગની સભાને બિરદાવી હતી. છેલ્લે પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને આશીર્વાદ આપતા મહંત સ્વામી દ્વારા કરાયેલ આવી સુંદર પ્રવૃતિ સતત ચાલુ રાખવા આશીર્વાદ સાથે આજ્ઞા કરીને ખૂબજ પ્રસન્ન થયા હતા. ત્યારબાદ ગાંધીવાડા આપણા મંદિરમાં કળશનું સ્થાપન-પૂજન કરીને ઠાકોરજીની આરતી ઉતારી હતી. અહીંના પૂજારી બચુભગત ઠાકોરજીની સુંદર સેવા કરે છે. આ પ્રસંગે ૨૦૦૦ જેટલા હરિભક્તોને ધોળકા મંદિરમાં બે સુંદર પકવાન સાથે મહાપ્રસાદનું આયોજન મહંત સ્વામીએ કર્યું હતું. આ પ્રસંગે મૂળીથી સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી જયપ્રકાશદાસજી આદિ સંત મંડળ સેવામાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

*(ભરત ભગત, મૂળી)*

### નારાયણઘાટ મંદિરમાં ૧૧મો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સાબરમતીના તટ પર આવેલ પવિત્ર તીર્થભૂમિ નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૧ મો પાટોત્સવ મહાવદ-પને તા. ૭-૨-૨૦૦૭ના રોજ અત્રેના સ.ગુ.મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી પાટોત્સવના યજમાન પદે પ.ભ. અંબાલાલ બાભાઈદાસ પટેલ તથા અ.સૌ. કૈલાશબેન અંબાલાલ પટેલ (મહાલક્ષ્મી ગવાડાવાળા) તરફથી ધામધુમથી ઉજવાયેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ઠાકોરજીને ષોડશોપચાર વિધિથી મહાભિષેક વેદ વિધિસર થયેલ હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં યજમાન પરિવારના પ.ભ. અંબાલાલભાઈ, તેમના પુત્રો શ્રી હિતેશભાઈ અને શ્રી ધવલભાઈ આદિ સૌએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ્વામી, શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને નાના પી.પી. સ્વામી આદિ સંત મંડળે પ્રસંગોચિત પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

*(બ્ર. પૂજારી રાજેશ્વરાનંદ)*

### વરસોડા મંદિરમાં પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા

વરસોડા ગામમાં આજથી ૧૦૦ વરસ પહેલા શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ અ.નિ.સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદ-દાસજીએ ગામના દરબારો અને બ્રાહ્મણોના સહકારથી કરાવેલ. તે જીર્ણ થતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી નારણઘાટના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી ગામના સ્થાનિક હરિભક્તોના સહકારથી નૂતન ભવ્ય સર્વ સુવિધા યુક્ત મંદિર નિર્માણ પૂર્ણ થતા તા. ૩૦-૧-૦૭ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીહરિયાગ તથા શ્રીમદ્‌ સત્સંગિજીવન ત્રિદિનાત્મક પારાયણ શા.સ્વા. રામકૃષ્ણદાસજીના વક્તાપદે યોજાયેલ. મૂર્તિ પ્રતિષ્ઠાના યજમાન પ.ભ. અ.નિ. નાથાલાલ મોતીરામ જાની પરિવાર, પારાયણના યજમાન અ.નિ. પ.ભ. નાથજીભાઈ ઈચ્છારામ શુકલ તથા અ.નિ. પ.ભ. ઈશ્વરલાલ લાભશંકર પંડ્યાના મંડળ પ.ભ. હરિકૃષ્ણ કનૈયાલાલ જાની પરિવાર, પ્રસાદના યજમાન ગં.સ્વ.બાશ્રી મુજીબા તખતસિંહજી ચાવડા તથા અ.નિ. શિવસિંહજી કલ્યાણસિંહ પરિવાર તથા શ્રી છત્રસિંહ ગોબરસિંહ રાઓલ પરિવાર રહ્યા હતા. તદુપરાંત પૂ. મહારાજશ્રીના પૂજનના, ઉતારાના, યજ્ઞ-શોભાયાત્રા અને મૂર્તિઓના યજમાન પરિવારોએ દિવ્ય લાભ લીધો હતો. તા. ૩૦-૧-૨૦૦૭ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા ધામધુમથી થઈ હતી. પ્રાસંગિક સભામાં દરેક પ્રસંગના યજમાન પરિવારોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન, આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. સભામાં વિદ્વાન સંતોએ સુંદર પ્રચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.

આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. *(સાધુ જયપ્રકાશદાસજી ગુરુ શા.સ્વા. હરિકૃષ્ણદાસજી)*

**ટોરડા મંદિરમાં ૫૪ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મૂળઅક્ષર સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના પવિત્ર જન્મ સ્થાન ટોરડા મંદિરમાં વિરાજમાન મહાપ્રતાપી દેવ શ્રીગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજનો ૫૪ મો પાટોત્સવ મહા સુદ-૮ ના ધામધુમથી ઉજવાયો. સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીની પ્રેરણાથી પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. ઠાકોરભાઈ વસનજી પટેલ તથા અ.સૌ. નીરૂબેન ઠાકોરભાઈ પટેલે દિવ્ય લાભ લીધો હતો.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ સુંદર આયોજન થયુ હતું. મહાસુદ-૮ ના શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સૌને અલૌકિક દર્શનનો લાભ આપેલ. યજમાન પરિવારે તથા ગામના સ્થાનિક હરિભક્તો અને વડતાલના શા. હરિકેશવદાસજીએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન, અર્ચન આરતી કરીને આશીર્વાદ મેળવ્યા હતા.

સોકલી, ઈડર, મહુન્દ્રા, હિંમતનગર, અમદાવાદ અને વડતાલના સંતોએ ટોરડા અને સ.ગુ. ગોપાળાનંદ સ્વામીનો મહિમા માહાત્મય કહ્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ પાટોત્સવના યજમાન અને સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. *(મોહન ભગત)*

**કાંકરિયા રામબાગ મંદિરમાં પાટોત્સવ અને ચોર્યાસી**

અત્રે કાંકરિયા મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, મહંત સ્વામી દેવ સ્વામી, કોઠારી સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી ફાગણ સુદ-પના શ્રીરાધાકૃષ્ણદેવ અને બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવનો ભવ્ય પાટોત્સવ મહોત્સવ તથા બ્રાહ્મણ પરિવારોની ચોર્યાસી અને શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણની કથા કોઠારી સ્વામી યજ્ઞપ્રકાશદાસજીએ કરી હતી. આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. અને સૌને દર્શન આશીર્વાદ આપી રાજી કર્યા હતા. ફાગણ સુદ-પના સવારે ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ અને બાલસ્વરૂપ કષ્ટભંજનદેવનો મહાભિષેક વેદવિધિસર ધામધુમથી સંપન્ન થયેલ. ત્યારબાદ અન્નકૂટ આરતી પૂ. મહારાજશ્રીએ ઉતારીને દિવ્ય દર્શનનો સૌને લાભ આપેલ. પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી નિર્ગુણદાસજી, જેતલપુરના પૂ.પી.પી. સ્વામી, પૂજ્ય ધ્યાની સ્વામી, શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, શા.સ્વા. કેશવપ્રસાદદાસજી, શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, ધોળકાના મહંત સ્વામી, મૂળીના મહંત સ્વામી, સુરેન્દ્રનગરના કૃષ્ણવલ્લભ સ્વામી, વડનગરના શા. નારાયણવલ્લભદાસજી, સ્વા. રાજેન્દ્રપ્રસાદદાસજી, શા. ગોલોકવિહારીદાસજી, કોઠારી ધર્મપ્રકાશદાસ આદિ અનેક નાના-મોટા સંતો ઉપસ્થિત રહ્યા હતા. અંદાજે ચાલીસ હજારો વિપ્રોએ પ્રસાદ લીધો હતો.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપીને મહંત સ્વામીની આવી સુંદર પ્રવૃત્તિને બિરદાવીને ધન્યવાદ સહ આશીર્વાદ આપ્યા હતા.

*(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)*

**નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ - શાકોત્સવ**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૨૮-૧-૦૭ના મહાસુદ-૧૦ના શાકોત્સવ અને ૧૩ મો વાર્ષિક પાટોત્સવ બંનેનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પાટોત્સવના યજમાન પદે પ.ભ. શ્રી મુકેશભાઈ માધવલાલ પાટડીયાએ ખૂબજ ઉત્સાહથી ભાગ લીધો હતો. અને શાકોત્સવના યજમાન પદે પ.ભ. શ્રી જયંતિભાઈ સાંકળચંદભાઈ પટેલે ભાગ લીધો હતો.

તા. ૨૮-૧-૦૭ના સવારે પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજનો મહા અભિષેક ધામધુમથી સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સૌ પ્રથમ પૂ.મોટા મહારાજશ્રીએ સમસ્ત સભાને આશીર્વાદ આપ્યા હતા.

બંને પ્રસંગમાં પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી સંત-મંડળ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રસંશનીય હતી, ૧૧૧ સંતો અને ૭૦૦૦ જેટલા મોક્ષભાગી હરિભક્તોએ શાકોત્સવને માણ્યો હતો. અમદાવાદ, મૂળી, જુનાગઢ અને ગઢડા આદિ ધામોથી સંતો આ પ્રસંગે પધાર્યા હતા. *(સત્યસ્વરૂપ સ્વામી)*

**એપ્રોચ બાપુનગર મંદિરમાં બીજા પાટોત્સવની ઉજવણી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રેના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી તા. ૨૬-૧-૦૭ના રોજ બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો.

પ્રથમ વેદ પુરૂષશ્રી રમેશભાઈ શુકલે પૂજારી ભક્તિનંદન સ્વામી સાથે શ્રી ઘનશ્યામ મહારાજનું પૂજન વિધિ બાદ પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર મહાભિષેક આરતી ધામધુમથી થઈ હતી. ત્યારબાદ ત્યાંથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ટોરડા મંદિરના પાટોત્સવ પ્રસંગે પધાર્યા હતા.

પ્રાસંગિક સભામાં પાટોત્સવના યજમાન પ.ભ. કેશુભાઈ જોગાણીના સુપુત્રો શ્રી અનીલભાઈ તથા શ્રી કિરણભાઈએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન-આરતી તથા હારતોરા કરી આશીર્વાદ મેળવ્યા હતા. અત્રે મંદિરના પ્રતિષ્ઠા પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે યોજાયેલ શ્રીમદ્ ભાગવત કથા તથા શ્રીમદ્ સત્સંગિજીભૂષણ કથા એમ બને કથાની DVD તથા MP3 કેસેટ બદ્રિનારાયણ મંદિરના મહંત શા.સ્વામી ગોલોકવિહારીદાસજી દ્વારા તૈયાર થયેલ જેનું વિમોચન પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. આ પ્રસંગે અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી અને અન્ય સંતો પધાર્યા હતા.

**પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વચનમાં દ્રષ્ટાંતો પ્રસંગો સહિત સુંદર વિવેચન કરીને સત્સંગમાં ક્વોલીટી**

**કન્ટ્રોલ શ્રી નરનારાયણદેવની નિષ્ઠા ઉપર ખાસ ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે જેમ શ્રીજી મહારાજને વન-ઉપવન-નદી પર્વતો એકાંત પ્રિય હોવા છતાં સત્સંગને છોડીને ક્યાંય જઈ શકતા નહતા.**

**તેમ અમોને પણ નિવૃતિબાદ મ્યુઝિયમ પ્રિય હોવા છતાં દેશ-વિદેશમાં સત્સંગનો વ્યાપ દિન પ્રતિદિન વધતો જતો હોવાથી ભક્તોને ભજન કરતા જોઈને અમારે પણ સત્સંગના કાર્યક્રમોમાં હાજર રહેવું પડે છે.**

આ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદ આપવા અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા.

*(ગોરધનભાઈ વી. સીતાપરા)*

### વડથલ (તા. કઠલાલ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

મહુધા તાલુકાનું વડથલ ગામ સર્વોપરિ શ્રીહરિના દિવ્ય ચરણોથી અનેકવાર પાવન થયું છે. તેવા આ તીર્થભૂમિ વડથલમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરના પૂજ્ય પી.પી. સ્વામીની પ્રેરણા-માર્ગદર્શનથી અત્રેના શ્રીહરિના સમકાલિન ત્રિવેદી પરિવારના પ.ભ. ઋષિકેશ સાંકળચંદ ત્રિવેદી પરિવાર (યુ.એસ.એ.) તથા પ.ભ. વિનોદભાઈ ગણપતરામ શેલત સાહેબ પરિવારના આર્થિક સહયોગથી મંદિરનું નિર્માણ કાર્ય વહેલાસર પૂર્ણ થયું. તા. ૨૩-૧-૦૭ થી ૨૫-૧-૦૭ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક દશમ સ્કંધ પારાયણ, મહાવિષ્ણુયાગ, નગરયાત્રા, વાસ્તુવિધિ જેવા કાર્યક્રમોનું સુંદર આયોજન થયું. મૂર્તિ પ્રતિષ્ઠાના પ્રથમ દિને મહોત્સવનું દીપ પ્રાગટ્ય જેતલપુરના મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજીએ વિધિસર કરીને શ્રી નરનારાયણદેવ અને પૂ. આચાર્ય મહારાજશ્રી પરત્વે નિષ્ઠા ઉપર પ્રવચન કર્યું હતું. કથા પારાયણ શા.સ્વામી ભક્તિનંદનદાસના વક્તાપદે સંપન્ન થઈ.

તા. ૨૪-૧-૦૭ના મૂર્તિઓની નગરયાત્રામાં સંત-હરિભક્તોએ ધામધુમથી જોડાઈને સૌને અલૌકિક દર્શન કરાવ્યા હતા.

તા. ૨૫-૧-૨૦૦૭ના સવારે પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી શ્રીહરિ સમકાલિન ગલુજી ભક્તના ગામ ડડુસર પધાર્યા હતા. જ્યાં મંદિરમાં આરતી ઉતારીને ગલુજી ભક્તના ઘરે છત્રીએ દર્શન કરી વડથલ પધાર્યા હતા. જ્યાં પૂ. મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા પૂર્ણ થયા બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા, આરતી, યજ્ઞની પૂર્ણાહુતિ કરીને સભામાં પધારીને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં યજમાન પરિવારો અને ગ્રામજનોએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન-અર્ચન-આરતી-હારતોરા કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ જેતલપુર, જમીયતપુરા, આદિ મંદિરોના સંતોએ પ્રસંગોચિત પ્રવચન કરેલ. સભા સંચાલન પૂજ્ય પી.પી. સ્વામીએ કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ મહોત્સવમાં પ.ભ. હરિકૃષ્ણભાઈ, પ.ભ. જશુભાઈ, પ.ભ. જગદીશભાઈ, પ.ભ. ભરતભાઈ, પ.ભ. મફતભાઈ આદિ હરિભક્તોએ ખૂબજ પ્રેરણારૂપ સેવા કરીને પૂ. મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો.

*(સાધુ વિશ્વપ્રકાશદાસ, જેતલપુર)*

### આપણી કેળવણી સંસ્થાના સમાચાર

ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ સેકન્ડરી, હાયર સેકન્ડરી (અંગ્રેજી માધ્યમ)નું ગૌરવ.

ચાલુ વર્ષે ૧૪ મી નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ આયોજીત બાળ વૈજ્ઞાનિક પ્રતિભાઓ માટેની પ્રોજેકટ (શોધ નિબંધ) સ્પર્ધામાં આપણી શાળાના ધો.-૯ના વિદ્યાર્થીઓ (૧) ત્રિવેદી આસ્થા (૨) સેવક પવન (૩) દેસાઈ અભય તથા (૪) પટેલ શૈલીએ શાળાના આચાર્યશ્રી એન. બી. ગઢવીની પ્રેરણા અને પ્રોત્સાહન તથા વિજ્ઞાન શિક્ષક શ્રી પંકજભાઈ ઓઝાના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ વસ્ત્રાપુર તળાવના વિષય પર શોધ નિબંધ તૈયાર કર્યો હતો. આ પ્રોજેકટ જિલ્લા કક્ષાએ તથા રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યો હતો. તેમજ ગુજરાત રાજ્ય તરફથી રાષ્ટ્રીય કક્ષાએ રજુ કરવા પસંદગી થતા શાળાની વિદ્યાર્થીની કુ. આસ્થા ત્રિવેદી તા. ૨૩ થી ૩૦ ડિસેબર દરમ્યાન સિક્કિમ, રાજ્યના પાટનગર ગંગટોક ગયા હતા. જ્યાં તેમણે મણીપાલ એન્જી. કોલેજમાં ડૉ. યશપાલ સહિત અગ્રણી વૈજ્ઞાનિકો સમક્ષ શોધ નિબંધ રજુ કરી સર્વની પ્રશંસા મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે. *(આચાર્યશ્રી)*

### દેલવાડા (માણસા) મંદિરમાં શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી અને સંત મંડળ દ્વારા તા. ૨૭-૧-૦૭ના અત્રે દેલવાડા ગામના મંદિરમાં સત્સંગ સભા અને શાકોત્સવ યોજવામાં આવેલ. રાત્રીના ૧૨-૦૦ સુધી સતત સભા ચાલી હતી.

તા. ૨૮-૧-૦૭ના સત્સંગ સભા બાદ ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. જેના યજમાન શ્રી મણીભાઈ, શ્રી ઈશ્વરભાઈ તથા શ્રી તુલસીભાઈ હતા. સંતોના પૂજનના યજમાન શ્રી ઘનશ્યામભાઈ બાપુદાસ પરિવાર હતા. બહેનોએ રોટલા બનાવવાની સેવા કરી હતી. આ પ્રસંગે માસ્તર ભગુભાઈ, પોપટભાઈ, બાબુભાઈ તથા કીરીટભાઈએ સારી સેવા બજાવી હતી. ગામના દરેક હરિભક્તો અને ધર્મપ્રેમી જનોએ શાકોત્સવનો લાભ લઈ આનંદિત થયા હતા. ૨૨ મણ બાજરીના રોટલા બનાવ્યા હતા. શાકોત્સવમાં અ.સૌ. સવિતાબેન ગોવિંદભાઈ રામદાસ પટેલ, શ્રી મિત્ર મંડળ દેલવાડા, અ.સૌ. કાંતાબેન અંબાલાલભાઈ શર્મા, શાસ્ત્રી જયંતીલાલ કે. આદિ અનેક ભાવિકોએ વિવિધ સેવાનો લાભ લીધો હતો. *(મણીભાઈ ખાંડવાળા)*

### મોડાસા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણમંદિર મોડાસામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજીની પ્રેરણાથી ૧૦ મા પાટોત્સવના ઉપલક્ષમાં દશમ સ્કંધ શ્રીમદ્ ભાગવત કથા શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજીએ સુંદર શૈલીમાં કરી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ વેદવિધિસર ધામધુમથી સંપન્ન થયો હતો. પાટોત્સવના યજમાન પદે શ્રી રમેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ અને પારાયણના યજમાન પદે પ.ભ. સુભાષભાઈ દ્વારકાદાસ સોની પરિવાર તથા શ્રી શંકરભાઈ કોયાભાઈ

પટેલે લાભ લીધો હતો.

સભા સંચાલન શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજીએ સંભાળ્યું હતું.આ પ્રસંગે જેતલપુરથી પૂ. પી.પી. સ્વામી, શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી, શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજી આદિ સંતોએ શ્રીહરિના માહાત્મયની વાતો કરી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. પૂજારી સ્વામી સર્વેશ્વરદાસ અને સંત-પાર્ષદ મંડળ અને હરિભક્તોએ સુંદર સેવા બજાવી હતી. *(પા. નરેન્દ્ર ભગત)*

**કુબડથલ મંદિરમાં પ્રથમ પાટોત્સવ ધામધુમથી ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂજય પી.પી. સ્વામીની પ્રેરણાથી તા. ૧૨-૨-૦૭ના રોજ અત્રે મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો પ્રથમ પાટોત્સવ પ.ભ. દેવેન્દ્રભાઈ ચતુરભાઈ પટેલ તથા પ.ભ. ગોવિંદભાઈ ચતુરભાઈ પટેલ તરફથી ધામધુમથી સંપન્ન થયો હતો. હરિભક્તો અન્નકૂટ દર્શન અને સંતોની પ્રેરક વાણીનો લાભ લઈ ધન્ય બન્યા હતા. *(કોઠારીશ્રી)*

**ઈશ્વરપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં તા. ૫-૧-૦૭ના રોજ ભવ્ય શાકોત્સવ ચૌધરી સમાજના હરિભક્તો દ્વારા ઉજવાયો. સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) અને સ.ગુ. નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી પ.ભ. જગદીશભાઈ અમૃતભાઈ ચૌધરી (યુ.એસ.એ.) પરિવારે લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત ગામને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

*(કોઠારી રમણભાઈ)*

**બાપુપુરા (ચૌધરી)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) તથા સ.ગુ. શા.સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર ગુરુકુળ) આદિ અનેક સંતોની શુભ ઉપસ્થિતિમાં તા. ૧૭-૧-૦૭ના રોજ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.ભ. ચૌધરી રમણભાઈ લવજીભાઈ ના યજમાન પદે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. પાંચ હજાર જેટલા ભાવિકોએ શાકોત્સવનો દિવ્ય લાભ લઈ ભાગ્યશાળી બન્યા હતા.

*(ચૌધરી કાંતિભાઈ પંડિત)*

**સાપાવાડા મંદિરમાં પાટોત્સવ અને શ્રી ઘનશ્યામ મહારાજની પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા**

ઈડર દેશના સાપાવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને અત્રેના મહંત સ.ગુ. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (મૂળીવાળા) ની પ્રેરણાથી તા. ૨૧-૨-૨૦૦૭ના રોજ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ અભિષેક તથા સર્વોપરિ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની પુન-મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા તેમજ સુવર્ણ સિંહાસનનું ઉદ્‌ઘાટન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ધામધુમથી સંપન્ન થયા. બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિના યજમાન પ.ભ. સુરેન્દ્રભાઈ પટેલ (વિશાલાવાળા) અને પાટોત્સવના યજમાન પ.ભ.. ડાહ્યાભાઈ હરિભાઈ પટેલે (સાપાવાડા) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી પુષ્પહાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા હતા. ધામોધામથી પધારેલા સંતો એ પ્રેરણાત્મક અમૃતવાણીનો લાભ આપેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. સૌ ભક્તોએ દર્શન કરી મહાપ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

*(જે.પી. સ્વામી પૂજારી મૂળી)*

**ધરિયાવદ (રાજ.) મંદિરમાં ૨ જો પાટોત્સવ ઉજવાયો**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરના પૂ. પી.પી. સ્વામી, અને પૂ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી પ.ભ. નટવરભાઈ શંકરભાઈ પટેલ તરફથી તા. ૩૦-૧-૦૭ના શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો.

મહાભિષેક, મહાપૂજા અને અન્નકૂટ બ્ર. સ્વામી રાજેશ્વરાનંદ અને વિશ્વસ્વરૂપ સ્વામીએ કરી હતી. સભા સંચાલન મહંત સ્વામી વાસુદેવચરણદાસજીએ કર્યું હતું. પૂ. પી.પી. સ્વામી અને પૂજય આત્મપ્રકાશદાસજી સ્વામીએ સુંદર ઉપદેશાત્મક પ્રવચન કરી સૌને રાજી કર્યા હતા. *(અચલપ્રકાશદાસ, ધરિયાવદ)*

**કલોલીશ્રી સ્વામિનારાયણ મંદિર**

જેતલપુર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની છત્ર છાયામાં આવેલ કલોલી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી ધનુર્માસમાં ધૂન અને તા. ૭-૧-૦૭ના રોજ જેતલપુર સંસ્કૃત પાઠ શાળાના સંતોની ઉપસ્થિતિમાં શાકોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. *(વાડીલાલ ચંદુલાલ ઠક્કર)*

**નવરંગપુરા (પાટડી)માં સત્સંગ સભા**

અત્રે ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૯-૧-૦૭ના રોજ સત્સંગ સભા પ્રસંગે જેતલપુરથી પૂજ્ય પી.પી. સ્વામી સંત-મંડળ સાથે પધારીને કથા-વાર્તા-નિત્ય નિયમ અને સર્વોપરિ શ્રીહરિના મહિમાની દ્રષ્ટાંત સહિત અમૃતવાણીનો લાભ ગ્રામજનોને આપ્યો હતો. મોટી સંખ્યામાં હરિભક્તો સભામાં જોડાયા હતા. *(ડાહ્યાભાઈ બૂટિયા)*

**કાલીયાણામાં સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૦-૨-૦૭ના રોજ સવારે ૬ થી ૭-૧૫ સત્સંગ સભાનું સુંદર આયોજન કરવામાં આવેલ. જેતલપુરથી પૂજ્ય પી.પી. સ્વામી અને સંત મંડળે કથા વાર્તાનો સુંદર લાભ આપેલ. સવારે ૮ થી ૧૧ સંતોએ મહાપૂજા વિધિપૂર્વક કરાવી હતી. હરિભક્તોએ દિવ્ય લાભ લઈ ખૂબજ રાજી થયા હતા. *(ડાહ્યાભાઈ બૂટીયા)*

**સાયોદર (ઈડર દેશ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ઈડર મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી અત્રે સાયોદર મંદિરમાં ધનુર્માસમાં ભવ્ય શાકોત્સવ તથા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગામના તથા આજુબાજુના ગામના હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લઈ ધન્ય બન્યા હતા. *(સાધુ સત્યસંકલ્પદાસ)*

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### સુરેન્દ્રનગર મંદિરમાં પારાયણ તથા શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રેના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી મૂળી ધામમાં વિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજને ૧૦૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે તા. ૨૬-૧-૦૭ થી ૩૦-૧-૦૭ પર્યન્ત શ્રીમદ્ ભક્ત ચિંતામણી ગ્રંથની કથા પારાયણ શાસ્ત્રી સ્વામી વ્રજવલ્લભદાસજી તથા શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે તા. ૩૦-૧-૦૭ના બપોરે ૧૨-૦૦ કલાકે ભવ્ય શાકોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લઈ કૃતાર્થ થયા હતા.

*(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

### લીંબડી તપોવન મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૫-૨-૦૭ના રોજ પાંચમો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો. આ પ્રસંગે તા. ૪-૨-૦૭ ખીચડી ઉત્સવ અને પાટોત્સવના દિને સાધુભક્તવત્સલદાસ અને મૂળી અને અમદાવાદ મંદિરના સંતોએ અમૃતવાણીનો સુંદર લાભ આપેલ.

*(કોઠારી માણેકલાલ)*

### લખતર શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.ભ. ત્રિભોવનભાઈ પરસોત્તમભાઈ મીસ્ત્રીના યજમાન પદે શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ શાસ્ત્રી રામકૃષ્ણદાસજી (મૂળી-ધ્રાંગધ્રા)ના વક્તાપદે થઈ હતી. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને સર્વે હરિભક્તોને ચરણ સ્પર્શ સાથે દર્શન-આશીર્વાદનું અલૌકિક સુખ આપી ખૂબજ સુખીયા કર્યા હતા.

*(પટેલ અમૃતભાઈ)*

## વિદેશ સત્સંગ સમાચાર

### શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શા.સ્વા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી ધનુર્માસમાં પ્રાતઃ ૬-૦૦ કલાકે મંગળા આરતી બાદ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન અને કથા વાર્તા શ્રી ઘનશ્યામ લીલામૃતની મહંત સ્વામીએ કરી હતી. હરિભક્તો તરફથી નિત્ય નવા નવા થાળ બનાવીને લાવીને ઠાકોરજીને ધરાવતા હતા. પૂજારી હરિનંદનદાસજી સુંદર શણગાર ધરાવીને દર્શન કરાવતા હતા. ઉત્તરાયણના દિને દિવાળીની જેમજ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રીએ સૌભક્તોને અંતઃકરણપૂર્વકના આશીર્વાદ પાઠવે છે.

વસંતપંચમના શુભ દિને શિક્ષાપત્રીનું સમૂહ વાચન કરવામાં આવેલ. શા.સ્વામી ધર્મવલ્લભદાસજી અને પૂજારી હરિનંદનદાસે શિક્ષાપત્રીનું દ્રષ્ટાંત સાથે નિયમોની છણાવટ કરી હતી. તમામ હરિભક્તોએ શિક્ષાપત્રીનું પૂજન કર્યું હતું. ૧૦ ફેબ્રુઆરીના ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરમાં વિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજ શાક બનાવતા અલૌકિક દર્શન કરી ભક્તો કૃતાર્થ થયા હતા. વિશાળ સભા મંડપ આજે ભક્તોની ભીડથી નાનો લાગતો હતો.

કથા સમાપ્તિ બાદ પ્રમુખશ્રી જગદીશભાઈએ પૂ. મોટા મહારાજશ્રીના પ્રોગ્રામની જાહેરાત કરી હતી.

મહાપ્રસાદ બનાવવામાં શ્રી વિષ્ણુભાઈ, શ્રી ધનુભાઈ કવિ, શ્રી બાળકૃષ્ણદાદા, શ્રી કમલેશભાઈ શાહ, શ્રી ભાનુભાઈ તથા રસોડાની સેવા ભાવી તમામ બહેનોની સેવા પ્રસંશનીય અને પ્રેરણા લેવા જેવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી દરેક ઉત્સવો ધામધુમથી ઉજવાય છે.

*(વિષ્ણુભાઈ સોલાવાળા અને વસંતભાઈ ત્રિવેદી)*

### કોલોનીયા મંદિરમાં સેવા સંસ્થા દ્વારા ફ્રી ફ્લુશોટ અને મેડીકલ ચેકઅપ

અત્રે કોલોનીયા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહાાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ૧૪ જાન્યુઆરી ઉત્તરાયણના સેવા સંસ્થા દ્વારા ફ્રી ફ્લુશોટ તથા મેડીકલ ચેકઅપ રાખવામાં આવેલ. પાંચ ડોકટરોએ જેમાં સેવા આપેલ. કુલ ૭૮ ભક્તોને ફ્રીમાં ફ્લુશોટ આપવામાં આવેલ. અને ૮૪ પેશન્ટને મેડીકલ ચેકઅપ અને ૪૦ લોકોને જરૂરીયાત મુજબ દવાઓ આપવામાં આવેલ. બીજા અન્ય રોગો માટે પણ સારવાર સાથે ચેકઅપ અને દવાઓ આપવામાં આવેલ. ડો. શાહ, ડો. અમિત દફ્તરી, ડો. રઘુવંશી રોહિણી નાવલકર, ધર્મિષ્ઠા પટેલ અને જસ્મીના ચોકસી આદિ ડોકટરોની ટીમે સુંદર સેવા કરી માનવતાની મહેંક પ્રસરાવી હતી.

ઉત્તરાયણ અને ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ ૧૪ મી જાન્યુઆરીના સવારે ૬-૦૦ કલાકે ઠાકોરજીને પતંગોથી ભરપુર સજવામાં આવ્યા હતા. ૬-૩૦ કલાકે આરતીમાં અનેક હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

આરતી બાદ મહંત શાસ્ત્રી સ્વામી સત્યપ્રકાશદાસજીની અમૃતવાણીનો લાભ હરિભક્તોને મળ્યો હતો. મહાપૂજાના આયોજનમાં ૨૩૦ હરિભક્તોએ સમૂહમાં લાભ લીધો હતો. મહાપૂજા વિધિ મહંત શાસ્ત્રી સ્વામી સત્યપ્રકાશદાસજી તથા સ્વામી ભક્તિકિશોરદાસજીએ કરાવી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

*(પ્રવિણભાઈ શાહ)*

### I.S.S.O. વોશિંગ્ટન ડી.સી. ચેપ્ટર

૩ જી ફેબ્રુઆરીના શનિવારના સાંજના ૨॥ કલાક સત્સંગ સભામાં ભજન, કીર્તન, વચનામૃત વાચન ઠાકોરજીને થાળ આરતી, નિત્ય, નિયમ આદિ હરિભક્તોએ સમૂહમાં કર્યા હતા. પ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે. *(કનુભાઈ પટેલ)*

**પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રીપૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરની વાર્ષિક જાહેર સભા તા. ૨૫-૧૧-૦૬ના રોજ રાખવામાં આવેલ.

અધ્યક્ષશ્રી પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણીનાઅધ્યક્ષ સ્થાને મંદિરની પ્રવૃત્તિ વિશે અને નવી કાર્યવાહક કમિટી સર્વાનુમતે મંજુર કરવામાં આવી હતી. હરિભક્તો સત્સંગની સુંદર પ્રવૃત્તિ કરે છે.

*(ભીખાલાલ વેલજી ગોરસીયા)*

**એન્ડોલા ઝાંબીયા સત્સંગ મંડળ**

અત્રે શ્રીજી મહારાજની કૃપા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી મંદિરમાં ઠાકોરજી સમક્ષ કથા વાર્તા વગેરે કરવામાં આવે છે.

પ.ભ. પ્રફુલભાઈ, પ.ભ. કિરીટભાઈ પારેખ અને પ.ભ. રમણભાઈ આદિ હરિભક્તો સેવામાં અગ્રેસર હતા.

સભામાં "આપણા મહારાજશ્રી" સીડી સૌ એ સાંભળીને પૂ. મોટા મહારાજશ્રીના એક એક અમૂલ્ય શબ્દ-અક્ષર જીવમાં ઉતરી ગયા હતા. ખાસ તો "હમેશાં શ્રીહરિની ઉપસ્થિતિનો અનુભવ કરવાથી સઘળા દુઃખ દૂર ભાગે છે." કેવું અદ્‌ભુત પૂ. બાપજીનું લીલા ચરિત્ર છે. તે સૌએ દર્શન કરીને માણ્યું. અન્નકૂટમાં ૧૦૦ જેટલી વાનગી ઠાકોરજીને ધરાવી હતી. દર શનિવાર અને એકાદશીના સભા થાય છે. આપણા દરેક ઉત્સવો અત્રે હરિભક્તો ઉજવે છે. *(જયેશ આર. પટેલ)*

# શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

| | | |
|---|---|---|
| ૧૦૧-૦૦ | શ્રી દર્શિતા મયંકકુમાર કા.પ. ને ત્યાં દિવ્યકુમારના જન્મ પ્રસંગે | કોઠંબા |
| ૧૦૧-૦૦ | શ્રી અશ્વિનભાઈ કાનજીભાઈ પોરીયા તેમને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | ઓલપાડ |
| ૨૦૧-૦૦ | શ્રી રમેશભાઈ મથુરભાઈ પ્રાણદાસ પટેલ ચિ. પરેશ તથા વિજયના લગ્ન પ્રસંગે | સોજાવાળા (માણસાવાળા) |
| ૧૫૧-૦૦ | શ્રી અમૃતભાઈ દેવીદાસ પૌત્રના જન્મ પ્રસંગે | મોખાસણ |
| ૧૦૧-૦૦ | શ્રી મિતુલભાઈ ભીમાભાઈ મણીલાલ લગ્ન પ્રસંગે | નારોલ |
| ૨૦૫-૦૦ | શ્રી શ્લોક તેજસભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે | મુંબઈ |
| ૧૦૦-૦૦ | બાબો ઉમેશકુમાર મોદી જન્મ નિમિત્તે | અમદાવાદ |
| ૫૦૧-૦૦ | શ્રી કલ્પેશ અશ્વિનકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે - ધર્મકુળ પ્રસન્નાર્થે | અસલાલી |
| ૧૦૧-૦૦ | શ્રી ભૂપેન્દ્રભાઈ શંભુભાઈ અમીન તેમની પુણ્ય તિથિ નિમિત્તે | કલ્યાણ-મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી રતનશી લક્ષ્મીદાસ વઘણ ધનુર્માસ નિમિત્તે | કમી-કેરાલા |
| ૧૫૦-૦૦ | શ્રી ચેતનકુમાર નનુભાઈ ડોબરીયા લગ્ન અને ગાડી લાવ્યા તે નિમિત્તે | મેઘાણીનગર |
| ૧૨૫-૦૦ | શ્રી રણજીતસિંહ જામભા રાણા ૨૫ મી પુણ્ય તિથિ નિમિત્તે | નરોડા |
| ૧૦૦-૦૦ | શ્રી ભૂપેન્દ્રકુમાર રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | ઉપલેટા |
| ૨૦૧-૦૦ | શ્રી દિપકકુમાર પી. ગોરાતેલા નવી મારૂતીવાન લાવ્યા તે નિમિત્તે | બાલાસિનોર |
| ૧૦૧-૦૦ | શ્રી ભાવનાબેન બી. પુરોહિત શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ |
| ૧૦૧-૦૦ | શ્રી શાંતિલાલ ખીમજીભાઈ ચોટલીયા નવું બાઈક લીધું તે નિમિત્તે | ધૂળકોટ |
| ૧૦૧-૦૦ | શ્રી મનહરભાઈ પરસોત્તમભાઈ ચોટલીયા નવું બાઈક લીધું તે નિમિત્તે | જીવરાજપાર્ક |
| ૧૦૧-૦૦ | શ્રી ભાવનાબેન કાંતિલાલ ગોહિલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે | ધૂળકોટ |
| ૧૧૧-૦૦ | શ્રી ઘનશ્યામભાઈ બચુભાઈ કાચા ચિ. નિર્મળને સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે | બળોલ-ભાલ |
| ૧૦૧-૦૦ | શ્રી બૂટીયા રણછોડભાઈ એમ. ચિ. નીતાના શુભ લગ્ન પ્રસંગે | હિંમતનગર |
| ૧૦૧-૦૦ | શ્રી ચુનીલાલ મોહનલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે | વડુ |
| ૨૦૧-૦૦ | શ્રી વિષ્ણુભાઈ શંકરભાઈ પટેલ ચિ. પારૂલના લગ્ન પ્રસંગે (૧૪-૧૨-૦૬) | નાંદોલ |
| ૧૦૦-૦૦ | શ્રી રાજેશભાઈ જીવાભાઈ પટેલ નોકરીનો પગાર પુરો થયો તે નિમિત્તે | નાંદોલ |
| ૧૦૦-૦૦ | શ્રી જે. સી. બેન નરેશભાઈ પટેલ નોકરીનો પુરો પગાર થયો તે નિમિત્તે | વિરમગામ |
| ૧૦૦-૦૦ | શ્રી રિતેષભાઈ જસવંતભાઈ ચાંપાનેરી પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે | મોખાસણ |
| ૧૦૧-૦૦ | શ્રી હેતકુમાર મિનેષભાઈ સોમાભાઈ જન્મ નિમિત્તે | ધનસુરા |
| ૧૦૦-૦૦ | શ્રી નિતિનકુમાર અશોકભાઈ પટેલ નોકરીમાં પગાર થયો તે નિમિત્તે | |

| | | |
|---|---|---|
| ૧૦૧-૦૦ | શ્રી બાબુલાલ ત્રિકમલાલ ઠક્કર પરિવાર તુલસીવિવાહ પ્રસંગે | વિરમગામ |
| ૧૦૧-૦૦ | શ્રી જયંતીભાઈ ગોકળદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | કરજીસણ |
| ૧૦૦-૦૦ | શ્રી રીમા મયુર પટેલ જન્મ દિન નિમિત્તે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી સિધ્ધરાજસિંહ દશરથસિંહ વાઘેલા જન્મ નિમિત્તે | ગોધાવી |
| ૧૦૦-૦૦ | શ્રી કેતુલ ગોકળદાસ પટેલ મારૂતી એલ્ટો ગાડી લાવ્યા તે નિમિત્તે | બાયડ |
| ૧૦૧-૦૦ | શ્રી બાબુભાઈ જીણાભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મીરારોડ |
| ૧૦૫-૦૦ | અ.નિ. શામજીભાઈ ભગવાનજીભાઈ પોરીયાના સ્મરણાર્થે | જામસર |
| ૧૦૧-૦૦ | શ્રી કોમલબેન ભાવિકકુમાર પટેલ ચિ. બંસરીના જન્મદિન નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી વિજયકુમાર રમણલાલ ઠક્કર દુકાન ભાડે મળી તે નિમિત્તે | સાણંદ |
| ૧૦૧-૦૦ | શ્રી લાલજીભાઈ નારણભાઈ કોમ્પ્યુટર એમ્બ્રોડરી મશીન લીધું તે નિમિત્તે | હિરાવાડી |
| ૧૦૧-૦૦ | શ્રી ભાવેશ રાઘવભાઈ મારવી, ચિ. પારૂલના જન્મ દિન નિમિત્તે | ધ્રાંગધ્રા |
| ૧૦૧-૦૦ | શ્રી હર્ષદકુમાર મોહનભાઈ પરમાર નવું બાઈક લીધું તે નિમિત્તે | અબ્રામા-સુરત |
| ૧૦૧-૦૦ | શ્રી ઘનશ્યામભાઈ માવજીભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ |
| ૧૫૧-૦૦ | શ્રી મંજુબેન હસમુખભાઈ સાપરીયા પુત્ર જન્મ પ્રસંગે | ધૂળકોટ-સૂરત |
| ૧૦૧-૦૦ | શ્રી ધીરજલાલ અમીચંદ શાહ શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૦-૦૦ | શ્રી જે. જે. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી હાર્દિકા મહેશકુમાર મોદી પી.ટી.સી.માં ૮૪ ટકા આવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી અખિલ મહેશકુમાર મોદી ધો-૧૨ પાસ થયા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | અ.નિ. ઉષાબેન દશરથભાઈ પટેલના સ્મરણાર્થે | અસલાલી |
| ૧૦૧-૦૦ | શ્રી રસિકલાલ અંબાલાલ પટેલ પરિવાર ચિ. પૌત્રી ગાપી સંજયના જન્મ દિન પ્રસંગે | બોસ્ટન |
| ૧૦૦-૦૦ | શ્રી પરસોતમભાઈ શંકરભાઈ પટેલ સેન્ટ્રો ગાડી લીધી તે નિમિત્તે | કડી |
| ૧૫૧-૦૦ | શ્રી શોભનાબેન ત્રિવેદી ચિમનલાલ કવિના સ્મરણાર્થે | |
| ૧૦૧-૦૦ | શ્રી કેતનકુમાર બાબુલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | નરોડા |
| ૧૦૧-૦૦ | અ.નિ. કનૈયાલાલ નારણદાસ સોનીના સ્મરણાર્થે | ઘાટલોડીયા |
| ૧૦૧-૦૦ | શ્રી વર્ષાબેન જે. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | નરોડા |
| ૧૦૧-૦૦ | ચંદુલાલ ગોપાળદાસ સોની (મીનાવાળા) ચિ. પરેશના લગ્ન પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી મગનભાઈ વેકરીયા ચિ. પ્રતિકને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી ભક્તિબેન કિશોરકુમાર ગાંગાણી જન્મ દિન પ્રસંગે | વાડજ |
| ૧૦૧-૦૦ | શ્રી મગનલાલ પ્રેમજીભાઈ પોરીયા ચિ. અશોકને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | જામસર |
| ૧૫૧-૦૦ | શ્રી જીતુભાઈ ભીખુભાઈ પટેલને ત્યાં ચિ. દેવના જન્મ પ્રસંગે | અમેરિકા |
| ૧૫૧-૦૦ | શ્રી બિપીનકુમાર નટવરલાલ પટેલ ચિ. પ્રિન્સીના જન્મ પ્રસંગે | અમદાવાદ |
| ૧૧૧-૦૦ | શ્રી જયંતીભાઈ પ્રભુદાસ મોદી પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે | હિંમતનગર |
| ૧૦૧-૦૦ | શ્રી પ્રવિણભાઈ લખુભાઈ પટેલ સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે | હાથપાળીયા |
| ૨૫૧-૦૦ | પ.ભ. માવજીભાઈ મોહનભાઈ ચાવડા શ્રી નરનારાયણદેવની કૃપાથી અને ધર્મવંશી પરિવારના આશીર્વાદથી ચિ. સંજય અને અ.સૌ. કૈલાશને ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે | બળોલ-ભાલ (હાલ આંબલી) |
| ૧૦૧-૦૦ | શ્રી ઘનશ્યામભાઈ જીવાભાઈચાવડા જિ. જયદિપના અ.સૌ. જયા સાથેના શુભ લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી બાબુલાલ પરસોતમદાસ પટેલ ચિ. ભરતભાઈને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | સાંગલી |
| ૧૫૧-૦૦ | શ્રી ગીરીશકુમાર રામાભાઈ પટેલ ચિ. ગાયત્રીને યુ.એસ.એ.ના વિઝા મળ્યા તે નિમિત્તે | |
| ૧૦૧-૦૦ | શ્રી જયમીન ભૂપેન્દ્રભાઈ પટેલ નવું બાઈક લીધું તે નિમિત્તે | ડાંગરવાવાળા |
| ૧૦૧-૦૦ | શ્રી તેજેશ ચંદુભાઈ પટેલ પૌત્ર આર્યના જન્મદિન પ્રસંગે | અમદાવાદ |

| | | |
|---|---|---|
| ૧૦૧-૦૦ | શ્રી ચેતનકુમાર અમૃતલાલ પટેલ લગ્ન પ્રસંગે | લખતર |
| ૧૫૦-૦૦ | શ્રી પોપટભાઈ કેશવલાલ પટેલ ચિ. અંજના બેનના લગ્ન નિમિત્તે | ડાંગરવા (યુ.એસ.એ.) |
| ૨૦૨-૦૦ | શ્રી હિમાંશુ ઘનશ્યામભાઈ પટેલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે, શ્રીનરનારાયણદેવ,ધર્મકુળ પ્રસન્નાર્થે | બાપુનગર |
| ૧૫૧-૦૦ | શ્રી હેતલ રમેશચંદ્ર ભોગીલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | કેલીયા-વાસણા |
| ૧૦૦૦-૦૦ | શ્રી વિષ્ણુભાઈ ગાંડાભાઈ પટેલ ચિ. પ્રજ્ઞેશના લગ્ન નિમિત્તે, શ્રીહરિ પ્રસન્નાર્થે | સોલા |
| ૧૦૧-૦૦ | શ્રી મહેન્દ્રભાઈ હરિભાઈ ચિ. હિતેષકુમારના લગ્ન પ્રસંગે | ભાવનગર |
| ૧૦૧-૦૦ | શ્રી મણીલાલ જોઈતારામ પટેલના સ્મરણાર્થે | કોઠા |
| ૬૦૨-૦૦ | શ્રી રૂક્ષ્મણીબેન હરગોવનદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | (વિહારવાળા) અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી કેશવલાલ બેચરભાઈ પટેલ ચિ. ભરતભાઈના શુભ લગ્ન પ્રસંગે | ગાંધીનગર |
| ૧૦૧-૦૦ | શ્રી જિજ્ઞેશભાઈ ભદ્રેશભાઈ ભગત નવું કોમ્પ્યુટર લીધું તે નિમિત્તે | સુરત |
| ૧૦૧-૦૦ | શ્રી રમાબેન રીટાબેન ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી હિરલ નિરવકુમાર શાહ જન્મદિન નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી લાભુભાઈ વાલજીભાઈ પરમાર મોરબીની જેલમાં નોકરીમાંએક વર્ષ પુરૂ થવા નિમિત્તે | બળોલ-ભાલ |
| ૧૦૧-૦૦ | શ્રી રાજુભાઈ તથા મહેન્દ્રભાઈ ભક્તિભાઈ પટેલ અમેરિકામાં નવો સ્ટોર લીધો તે નિમિત્તે | દેઉસણા |
| ૧૦૧-૦૦ | શ્રી સચિનભાઈ રમેશભાઈ પટેલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે | અડાલજ |
| ૧૦૦-૦૦ | શ્રી નાથાભાઈ જેઠાભાઈ સિંધવ, હીરીબેન જેઠાભાઈ સિંધવના મોક્ષાર્થે | એસવાડા |
| ૧૦૦-૦૦ | શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | વાવોલ |
| ૧૦૦-૦૦ | શ્રી જસુભાઈ પરસોતમદાસ પટેલ ચિ. ઘનશ્યામના લગ્ન પ્રસંગે | વક્તાપુર |
| ૧૦૧-૦૦ | શ્રી નિર્મળાબેન દલસુખભાઈ સોની ૫૦મી લગ્ન તિથિ નિમિત્તે | સાયલા |
| ૧૦૧-૦૦ | સાહિલ વિપુલકુમાર કેશવલાલ પટેલ બાબરી ઉતારી તે નિમિત્તે | મોટેરા |
| ૧૦૧-૦૦ | જીન્નાસ ચિરાગભાઈ પટેલ બાબરી ઉતારી તે નિમિત્તે | ખેરોલ |
| ૨૦૧-૦૦ | શ્રી આશિષભાઈ શંકરભાઈ મણીભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | અસલાલી |
| ૧૦૧-૦૦ | શ્રી કેતન જીતેન્દ્રભાઈ વડોદરીયા નવું બાઈક લીધું તે નિમિત્તે | અમદાવાદ |
| ૨૦૧-૦૦ | શ્રી મીઠાભાઈ અમથારામ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે | વિહારવાળા |
| ૧૦૧-૦૦ | શ્રી હસમુખભાઈ હિરજીભાઈ પટેલ તેમનો પગાર વધ્યો તે નિમિત્તે | નિકોલગામ |
| ૧૦૧-૦૦ | ચિ. મિનાબહેન જયેશભાઈ રાઠોડ તેમને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | જીરાગઢ |
| ૧૦૧-૦૦ | શ્રી જાગૃતિ બેનને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૫૧-૦૦ | શ્રી હિરલકુમાર કાંતિલાલ પટેલ ઓસ્ટ્રેલીયાના સ્ટડી વિઝા મળ્યા તે નિમિત્તે | દેવડા |
| ૧૦૧-૦૦ | શ્રી હરિકૃષ્ણભાઈ ભોળાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | વિહાર |
| ૧૧૧-૦૦ | શ્રી ભીખાભાઈ બેચરદાસ પટેલ ચિ. અલ્પેશ તથા પ્રિયંકાના લગ્ન પ્રસંગે | વજાપુર |
| ૧૧૧-૦૦ | શ્રી મનસુખભાઈ ઉકાભાઈ પટેલ મકાન નવું બનાવ્યું તે નિમિત્તે | રતનપુર (રાયણીયા) |
| ૧૫૧-૦૦ | અ.નિ. શ્રી આશાભાઈ મથુરભાઈ પટેલ તૃતીય પુણ્યતિથિ નિમિત્તે | પીરાણા |
| ૧૦૧-૦૦ | શ્રી ઈશ્વરભાઈ જે. પટેલ ચિ. કલ્પેશના લગ્ન પ્રસંગે | નાંદોલ |
| ૨૦૧-૦૦ | શ્રી પંકજભાઈ જયંતિભાઈ પટેલ પુત્રીના જન્મ નિમિત્તે તથા ગાડી લાવ્યા તે નિમિત્તે | નરોડા |
| ૧૦૧-૦૦ | શ્રી નારણભાઈ ગોવિંદભાઈ સુહાગીયા વાર્ષિક તિથિ નિમિત્તે | |
| ૨૦૧-૦૦ | શ્રી ચિમનભાઈ ઈશ્વરભાઈ પટેલ પુત્રીના લગ્ન નિમિત્તે | વાવોલ (ગાંધીનગર) |
| ૧૦૦૧-૦૦ | શ્રી સોમાભાઈ લખુદાસ પટેલ પેન્શન મળ્યુ તે નિમિત્તે | વિહાર |
| ૧૦૧-૦૦ | શ્રી સોમાભાઈ લખુદાસ પટેલ ચિ. રાકેશના લગ્ન પ્રસંગે | વિહાર |
| ૧૧૧-૦૦ | શ્રી ઘનશ્યામભાઈ અમથાભાઈ પટેલ ચિ. જાગૃતિના લગ્ન પ્રસંગે | (સોજાવાળા) અમદાવાદ |
| ૨૦૦-૦૦ | શ્રી મણીબહેન નથ્થુશંકર પંડ્યા શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે | દેલમાલ |
| ૨૫૧-૦૦ | શ્રી મીઠાભાઈ પટેલ ઉત્તર તથા દક્ષિણની યાત્રા નિમિત્તે | જમીયતપુરા |
| ૧૦૧-૦૦ | શ્રી મહેશભાઈ મનસુખભાઈ ચૌહાણ તેમને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે | ધુળકોટ |
| ૧૦૦-૦૦ | શ્રી અશોકકુમાર ભક્તિભાઈ પટેલ ચિ. અભિના જન્મ નિમિત્તે | વડુ |
| ૧૦૧-૦૦ | શ્રી લક્ષ્મણભાઈ જે. ચાવડા ચિ. મિનળના શુભ લગ્ન પ્રસંગે | સ્વામિનારાયણ બાગ, મેમનગર |

| | | |
|---|---|---|
| ૧૦૧-૦૦ | શ્રી અજમલભાઈ એમ. જાદવ ચિ. ભાણી મિનળના શુભ લગ્ન પ્રસંગે | રતનપુર |
| ૧૦૧-૦૦ | શ્રી કરશનભાઈ એમ. જાદવ ચિ. દિગ્વિજયસિંહના શુભ લગ્ન પ્રસંગે | વેજલકા |
| ૧૦૧-૦૦ | શ્રી સમીરકુમાર મધુકર ત્રિવેદીના લગ્ન પ્રસંગે | બાલાસિનોર |
| ૧૦૧-૦૦ | શ્રી વ્રજેન ભરતભાઈ મારવી સ્કુલમાં ભણવા બેસાડ્યો તે નિમિત્તે | જીરાગઢ |
| ૧૦૧-૦૦ | શ્રી સ્નેહલ હર્ષદભાઈ ભગત નવી કાર લાવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૨૫૧-૦૦ | શ્રી માયાબહેન શૈલેષભાઈ શાહ ચિ. હેતલના ચિ. પલકભાઈ પી. (ઓસ્ટ્રેલીયા) સાથેના લગ્ન પ્રસંગે | પાલડી |
| ૧૦૧-૦૦ | મિત કલ્પેશભાઈ જન્મ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી કેવલ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી ઘનશ્યામ આર. ઠક્કર જન્મદિન નિમિત્તે | કલોલી |
| ૫૦૦-૦૦ | શ્રી પ્રાર્થનાબેન ચંદ્રકાંતભાઈ પટેલ પ્રથમ પગાર નિમિત્તે | રાણીપ |
| ૧૦૧-૦૦ | અ.નિ. ચંચળબેન રમણલાલ પટેલ પુણ્યતિથિ નિમિત્તે | જમીયતપુરા |
| ૫૦૧-૦૦ | શ્રી રમેશભાઈ ગજરાભાઈ પટેલ ચિ. કલ્પેશને ત્યાં પુત્રીના જન્મ નિમિત્તે | સોજા |
| ૧૦૧-૦૦ | શ્રી ઘનશ્યામભાઈ રામાભાઈ ચૌધરી યુ.કે.ના (લંડન) સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે | આમજા |
| ૧૫૧-૦૦ | ચિ. હર્ષિત શુભ લગ્ન પ્રસંગે | કેનેડા |
| ૧૦૦-૦૦ | શ્રી કાશીભાઈ બેચરદાસ પટેલ પુત્રના લગ્ન પ્રસંગે | વિહાર |
| ૩૫૦૧-૦૦ | પ.ભ. મોદી અમિતભાઈ કિરીટભાઈ સર્વોપરિશ્રી નરનારાયણદેવ અને ધર્મવંશીની કૃપાથી નોકરીનો પ્રથમ પગાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ગાંધીનગર |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**પોષ વદ-૧૦** પ.ભ. હંસાબેન પટેલ, યુ.એસ.એ. ● અ.નિ.પ.ભ. કાંતિભાઈ લાલભાઈ, ઉનાવા.

**મહા સુદ-૧** પ.ભ. રમણલાલ ઈશ્વરભાઈ બ્રહ્મભટ્ટ ● પ.ભ. ઘનશ્યામભાઈ બેચરભાઈ પટેલ. **મહા સુદ-૩** પ.ભ. પટેલ અરવિંદભાઈ મોહનલાલ (હ. નારાયણ સ્વામી - અલ્હાબાદ), ઊંઝા. **મહા સુદ-૪** અ.નિ.પ.ભ. જટાશંકરભાઈ પોપટલાલ પરિવાર અમદાવાદ **મહા સુદ-૫** પ.ભ. પટેલ માધુભાઈ કરશનભાઈ, સાચોદર ● પ.ભ. ઠક્કર ઘનશ્યામભાઈ ગાંડાલાલ રાણેસર ● પ.ભ. પટેલ બળદેવભાઈ શિવદાસ. **મહા સુદ-૬** અ.નિ. ઘનશ્યામ સ્વામી બીલીયા (હ. ચંદ્રપ્રકાશ સ્વામી) ● પ.ભ. ભીખાભાઈ ગોવિંદભાઈ ● પ.ભ. ઘનશ્યામભાઈ લાલજીદાસ ગજ્જર, વાપી. **મહા સુદ-૯** પ.ભ. દિપકભાઈ આહિર. **મહા સુદ-૧૦** પ.ભ. પટેલ હિંમતભાઈ ડુંગરભાઈ. **મહા સુદ-૧૨** પ.ભ. ડાહ્યાભાઈ આત્મારામ પટેલ, વડુવાળા. **મહા સુદ-૧૪** પ.ભ. અ.નિ. નારાયણભાઈ રણછોડદાસ લોખંડવાળા. **મહા સુદ-૧૫** સાં.યો. શાંતાબા (હવેલી) પારાયણ પ્રસંગે તા. ૨-૨-૦૭ થી ૬-૨-૦૭ ● પ.ભ. પટેલ મહેન્દ્રભાઈ કેશવલાલ.

**મહા વદ-૧** પ.ભ. અશ્વિનભાઈ દલસુખભાઈ, સોની-અમદાવાદ ● પ.ભ. મહેન્દ્રભાઈ કે. પટેલ. **મહા વદ-૨** પ.ભ. કૃષ્ણકાંત એન. શાહ. **મહા વદ-૪** પ.ભ. સાં.યો. શાંતાબા (હવેલી) પારાયણ નિમિત્તે ● પ.ભ. નિશાબેન ● અ.નિ. પ.ભ. વાઘજીભાઈ માધવદાસ. **મહા વદ-૮** પ.ભ. આર્ય નિતિનકુમાર પટેલ. **મહા વદ-૯** પ.ભ. બકુલાબેન રમેશચંદ્ર વિરચંદ પારેખ ● પ.ભ. બાબુભાઈ ટાંક મીરા રોડ-મુંબઈ (હા. બ્ર. રાજુ સ્વામી). **મહા વદ-૧૦** પૂજ્ય અ.સૌ. બિન્દુરાજા તરફથી ચિ. શ્રી સૌમ્યકુમાર અને ચિ. શ્રી સુવ્રતકુમારના જન્મોત્સવ દિન પ્રસંગે (ન્યુજર્શી, અમેરિકા) ● પ.ભ. ચમનભાઈ મગનભાઈ પટેલ ઝુંડાલ. **મહા વદ-૧૨** અ.નિ. સ્વા. હરિપ્રિયદાસજી (હ. આત્મપ્રકાશ સ્વામી, જેતલપુર). **મહા વદ-૧૩** પ.ભ. સુશીલાબેન હરિભાઈ ઠક્કર ● પ.ભ. રમણભાઈ નારણભાઈ ભગવાનદાસ પટેલ વડુ. **મહા વદ-૩૦** અ.નિ. બ્ર. કેશવાનંદજીના સ્મરણાર્થે (હ. બ્ર. મહાપુરુષાનંદજી).

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અંબાપુર (જી. ગાંધીનગર)** : પ.ભ. પ્રભુદાસ શંકરભાઈ પટેલ તા. ૨૨-૧-૨૦૦૭ પ.ભ. શાંતાબેન બેચરભાઈ પેટલ તા. ૨૬-૧-૨૦૦૭ અને પ.ભ. ગંગાબેન રાવજીભાઈ પટેલ તા. ૨૯-૧-૨૦૦૭ના શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સુખપર (રોહા) કચ્છ** : સર્વોપરિ શ્રીનરનારાયણદેવના નિષ્ઠાવાન અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના કૃપાપાત્ર હરિભક્ત પ.ભ. લાલજી જાદવા હિરાણી તા. ૨૯-૧-૨૦૦૭ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા મોમ્બાસા મુકામે (કેનિયા) અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી કચ્છના સત્સંગમાં મોટી ખોટ પડી છે.

**ઓલ્ડહામ (યુ.કે.) (કેરા કચ્છવાળા)** : પ.ભ. જય પ્રેમજી સામજી ગામી (ઉ. ૨૧ વર્ષ) તા. ૨૯-૧૨-૨૦૦૬ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના (પૂ. મહારાજશ્રી તે સમયે લંડન પધારેલા) દર્શનનું સુખ માણીને અક્ષરનિવાસી થયા છે. શ્રીહરિ તેમને પોતાની નિજ સેવામાં રાખે અને તેમના પરિવારને દુઃખ સહન કરવાનું બળ આપે તેવી શ્રી નરનારાયણદેવને પ્રાર્થના.

**કોઠા** : પ.ભ. કરશનભાઈ જોઈતારામ પટેલ (ગલ્લાપેટી મંડળવાળા)ના ભાઈ પ.ભ. મણીલાલ જોઈતારામ પટેલ તા. ૨૩-૧-૨૦૦૭ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


**શ્રી સ્વામિનારાયણ**



વરસોડા મંદિર મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ.મહારાજશ્રી



નારાયણઘાટ મંદિર પાટોત્સવ પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર



કોલોનિયા (અમેરિકા) મંદિરમાં મહાપૂજા વિધિ કરાવતા સંતો



બાપુપુરા (ઈશ્વરપુરા) મંદિરમાં શાકોત્સવ કરતા પ.પૂ.મહારાજશ્રી




કલોલી મંદિરમાં જેતલપુર સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થી સંતો કથા-વાર્તા કરતા




નારાયણઘાટ મંદિર શિવરાત્રીના શિવ મંદિરમાં રૂદ્ર યજ્ઞ ક સંતો અને વિપ્રો

Registered under RNI - No - applied Followed by words "Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08



સર્વોપરિ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી,
વડતાલના પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રી



રનારાયણદેવના પાટોત્સવના યજમાન પરિવાર (મેતપુર-વડતાલદેશ) બન્ને દેશના પીઠાધિશ્વરોની આરતી ઉતારતા અને
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી સભાને સંબોધતા.



aful Kharsani

ાંકરિયા મંદિર સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી